મે ૨૦૨૦

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫




આ 'જ્ઞાન' પછી હવે 'તને'
'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેઠું છે.
માટે હવે તારાથી ગમે તે કાર્ય થાય, સારું અગર નરસું,
એ બન્નેનો માલિક 'તું' નથી. 'તું' શુદ્ધ જ છે.
એ બાબતે નિઃશંક થાય ત્યાર પછી એનું ગાડું ચાલે.

## કોરોના વાયરસ મહામારીને કારણે કરાયેલા લોકડાઉન દરમ્યાન વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાત્સલ્ય (સીમંધર સીટી)થી પૂજ્યશ્રીનો સત્સંગ





વેસ્ટનર્સ



મેડિકલ ફિલ્ડ



GNC



હિન્દી ભાષી



અપરિણીત યુવા



ગુજરાતી



વર્ષ : ૨૫, અંક : ૯
સળંગ અંક : ૨૯૭
**મે ૨૦૨૦**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2020,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'શુદ્ધાત્મા' શબ્દની વૈજ્ઞાનિક સમજણ

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) કહેતા હતા કે જે જ્ઞાન નેમિનાથ ભગવાને ગજસુકુમારને આપ્યું હતું તે જ જ્ઞાન અમને છે, પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન. તીર્થંકરો પાસે જે આત્મા હતો તે જ આત્મા આપણને આ કાળમાં પ્રાપ્ત થયો છે, એ જ મોટી અજાયબી છે. જ્ઞાનવિધિ પછી દેહ અને આત્મા જુદા અનુભવાય છે. પછી એ કોઈ કાળે પાછા એક થઈ શકે જ નહીં ! દહીં વલોવી માખણ ને છાશ જુદા પાડ્યા પછી કોઈપણ રીતે એ બેઉ એકાકાર થાય જ નહીં, એવું આ વિજ્ઞાન છે. મૂળ વિજ્ઞાન તો તીર્થંકરોનું છે પણ દાદાશ્રીએ આ વિજ્ઞાન અક્રમ ઢબે જગતને આપ્યું.

પહેલા પોતે પુદ્‌ગલના આધારે ભટકતો હતો, તેથી અનાથ હતો. હવે જ્ઞાન મળ્યા પછી પોતાને આત્માનો આધાર થયો, તેથી પોતે સનાથ થયો ! આત્મા એ એક એવું પરમ તત્ત્વ છે કે જેનામાં અનંત શક્તિઓ છે. એના એકલામાં ચેતનતા, જ્ઞાન, સુખ છે. અને એ આપણે પોતે જ છીએ. એની જ ઓળખાણ આપણને જ્ઞાનીકૃપાએ પ્રાપ્ત થઈ.

અધ્યાત્મ જગતમાં બધે આત્મા જ ઓળખવાનું કહે છે, એટલે પ્રશ્ન થાય કે દાદાએ 'શુદ્ધાત્મા' શાથી કહ્યો, 'આત્મા' જ કેમ ના કહ્યો ? દાદાએ 'શુદ્ધાત્મા' કહ્યું એનું કારણ છે કે આત્મા તો ક્યારેય અશુદ્ધ થયો જ નથી. હવે ચંદુથી કોઈ પણ ખરાબ કામ થાય તો પણ 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ ના ચૂકવું જોઈએ. 'હું ચંદુભાઈ છું' કરીને જેટલું અવળું ચાલ્યા, તેટલું જ 'હું શુદ્ધાત્મા છું' કરીને પાછું ફરવાનું છે.

'શુદ્ધાત્મા' શબ્દનો વિશેષ ફોડ પાડતા દાદાશ્રી કહે છે કે શુદ્ધાત્મા એ જ સચ્ચિદાનંદ સ્વરૂપ. પ્રસ્તુત અંકમાં દાદાશ્રી 'શુદ્ધાત્મા' શબ્દની વૈજ્ઞાનિક સમજણ આપે છે. જેમાં 'શુદ્ધાત્મા' શબ્દનો મર્મ, દિવ્યચક્ષુથી શુદ્ધાત્માનું ભાન, 'હું શુદ્ધાત્મા છું' બોલવા પાછળનો મર્મ, શુદ્ધ ચિત્ત એ જ શુદ્ધાત્મા, શુદ્ધાત્માનું ધ્યાન, રટણ, સ્મરણ, ખ્યાલના ખુલાસાઓ, સ્વશુદ્ધિ માટે શુદ્ધાત્માની દૃષ્ટિ, રિયલ-રિલેટીવની ભેદરેખા વગેરેની વાતોનું સંકલન થયું છે.

જ્ઞાન મળે એટલે 'હું શુદ્ધાત્મા છું'ની જાગૃતિ રહે છે, સાથે સાથે બધામાં શુદ્ધાત્મા છે, એવી સમજણ ફીટ થાય છે. ત્યારથી પરમાત્મપદની શ્રેણીની શરૂઆત થઈ જાય છે. મહાત્માઓએ હવે એવી મજબૂતી કરી લેવાની કે ગમે તેવા જબરજસ્ત કર્મના ઉદય આવે તો પણ પોતાની શુદ્ધાત્માની ગુફામાં બેઠા બેઠા જોયા કરવાનું, બહાર નીકળવાનું જ નહીં. દરેક સંજોગોમાં શુદ્ધાત્મા અનુભવ ના ચૂકાય એવી કાયમની મજબૂતી કરી લેવી છે. તે માટે 'હું શુદ્ધાત્મા છું' એની વૈજ્ઞાનિક સમજણ કેળવી સ્ટેપ બાય સ્ટેપ આગળ વધી પરમાત્મા પદના અનુભવની શ્રેણી મંડાય, એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# 'શુદ્ધાત્મા' શબ્દની વૈજ્ઞાનિક સમજણ

## 'આત્મા', સ્વરૂપ જ ગજબનું

**દાદાશ્રી :** આ દુનિયામાં જાણવા જેવું શું છે ? આપને શું લાગે છે?

**પ્રશ્નકર્તા :** સ્વ-સ્વરૂપ.

**દાદાશ્રી :** બસ ! એના સિવાય દુનિયામાં બીજી જાણવા જેવી કોઈ વસ્તુ જ નથી. એક સ્વ-સ્વરૂપ જ જાણવા જેવું છે.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ અદ્‌ભુત દર્શન શું હશે ?

**દાદાશ્રી :** જે જગતથી આખું ગુપ્ત છે, ગુપ્ત સ્વરૂપ છે. આખું જગત જ જેને જાણતું નથી, એ ગુપ્ત સ્વરૂપ, તે અદ્‌ભુત જ છે. એથી બીજી અદ્‌ભુત વસ્તુ આ દુનિયામાં કોઈ હોતી નથી. અને અદ્‌ભુત તો આ દુનિયામાં કોઈ વસ્તુ જ નથી ને ! બધી વસ્તુ મળે પણ જે ગુપ્ત સ્વરૂપ છે ને, એ એકલું જ અદ્‌ભુત છે આ દુનિયામાં! એટલે શાસ્ત્રકારોએ એને અદ્‌ભુત, અદ્‌ભુત, અદ્‌ભુત કહીને લાખો વખત અદ્‌ભુત કહ્યું. આત્મા જાણ્યો જણાય એવો નથી. આત્મા તો આખા 'વર્લ્ડ'ની ગુહ્યતમ્ વસ્તુ છે.

''જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.''
- શ્રીમદ્ રાજચંદ્ર

જગતના તમામ શાસ્ત્રો એક આત્મા જાણવા માટે જ લખાયા છે. જગતમાં જાણવા જેવી કોઈ ચીજ હોય તો તે આત્મા જ છે ! જાણનારાને જાણો. ઈન્દ્ર, મહેન્દ્ર સુધી ભોગવી આવ્યા છતાં અનંત અવતારની રઝળપાટ અટકી નહીં !

**પ્રશ્નકર્તા :** આત્માનું સ્વરૂપ ખરું ?

**દાદાશ્રી :** જે જે વસ્તુ સ્વરૂપ છે તેમનું સ્વરૂપ હોય જ. આત્મા પણ વસ્તુ છે ને તેનું પણ સ્વરૂપ છે. તેનું તો ગજબનું સ્વરૂપ છે અને એ જ જાણવાનું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર જેનું સ્વરૂપ છે ને પરમાનંદ જેનો સ્વભાવ છે તે જાણવાનું છે.

'આત્મા' શબ્દથી સમજાય તેવો નથી, સંજ્ઞાથી સમજાય. 'જ્ઞાની પુરુષ' તમારો આત્મા સંજ્ઞાથી જાગૃત કરી દે છે. જેમ બે મૂંગા માણસો હોય, તે તેમની ભાષા જુદી હોય, એક આમ હાથ કરે ને બીજો આમ કરે એટલે બેઉ સ્ટેશન પર પહોંચી ગયા હોય ! એ બન્ને એમની સંજ્ઞાથી સમજી જાય, આપણને તેમાં ના ખબર પડે. એવું 'જ્ઞાની'ની સંજ્ઞા જ્ઞાની જ સમજે. એ તો 'જ્ઞાની' કૃપા વરસાવે અને સંજ્ઞાથી સમજાવે તો જ તમારો આત્મા જાગૃત થાય. આત્મા શબ્દ-સ્વરૂપ નથી, સ્વભાવ-સ્વરૂપ છે.

## જ્ઞાન-દર્શન શુદ્ધ થયું એ સચ્ચિદાનંદ

**પ્રશ્નકર્તા :** આત્માને 'સચ્ચિદાનંદ' કેમ કહ્યો ?

**દાદાશ્રી :** આત્મા એટલે શું ? આત્મા શબ્દ એ સંજ્ઞા છે. આત્મા એટલે સેલ્ફ (પોતે). સેલ્ફને 'સચ્ચિદાનંદ' કહ્યો. ત્યારે કહે, અત્યારે સેલ્ફ છે તે 'હું ચંદુભાઈ* છું', એ સેલ્ફ દેહાધ્યાસ છે અને પેલું સેલ્ફ સચ્ચિદાનંદ છે.

**પ્રશ્નકર્તા :** 'સચ્ચિદાનંદ' શબ્દનો અર્થ શું ?

**દાદાશ્રી :** સચ્ચિદાનંદ એ જ સ્વરૂપ છે પોતાનું. શુદ્ધાત્મા જે છે એ સત્-ચિત્-આનંદ. આ અસત્ ચિત્ત થઈ ગયેલું છે. અસત્ એમાં અશુદ્ધ ચિત્ત થઈ ગયું છે. ચિત્ત એટલે જ્ઞાન-દર્શન કહેવાય.

*ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

એટલે જ્ઞાન-દર્શન અશુદ્ધ થયેલું છે. એ જ્ઞાન-દર્શન જ શુદ્ધ થયું એ સચ્ચિદાનંદ.

**પ્રશ્નકર્તા :** અને સત્ શબ્દ જ છે ?

**દાદાશ્રી :** સત્ શબ્દ એટલે અવિનાશી. આ જગતનું સત્ય નહીં. આ જગતનું સત્ય વિનાશી સત્ય છે. આ જગતનું માનેલું સત્ય એ વિનાશી સત્ય છે અને મૂળ સત્ એ અવિનાશી છે, સનાતન છે.

પ્યૉર (શુદ્ધ) જ્ઞાન, પ્યૉર દર્શન અને સનાતન, એનું ફળ છે તે આનંદ. અત્યારે આ વિનાશી જ્ઞાન-દર્શન છે કે 'આ મારું ઘર છે ને આ બધું મેં જાણ્યું છે.' એ જ્ઞાન બધું વિનાશી છે અને અવિનાશી તો પોતાનું સ્વરૂપ છે. એ જાણે ત્યાર પછી અવિનાશી જ્ઞાન ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, તો એમાં આનંદ ક્યાંથી આવ્યો, સત્-ચિત્ત-આનંદ ?

**દાદાશ્રી :** આત્મા પોતે સ્વભાવે જ સનાતન, પરમાનંદ છે. આ પરમાનંદનો માલિક છે, પોતે જ આનંદનું ધામ છે. આ આનંદની ચીજ જેવી આ દુનિયામાં કોઈ ચીજ છે નહીં. પોતે આરોપિત ભાવમાં છે. જલેબી ઉપર તમે આરોપ કરો કે તમને જલેબીમાં સુખ લાગે અને જલેબી ના ગમતી હોય તો તેમાં સુખ ના લાગે. બાકી જલેબીમાં સુખ છે એ બધી ખોટી વાત છે. રૂપિયામાં સુખ છે કે સોનામાં સુખ છે એ વાતો લોકોની ખોટી છે. કારણ કે કેટલાય સોનું લે નહીં એવા માણસો હોય છે. નથી હોતા? અત્યારે મને કશું આપે તો હું સ્વીકાર કરું નહીં. સોનું આપે કે ગમે એટલી ચાંદી આપે તે મારે કામનું નહીં ને ! અપાર સુખમાં હું રહેતો હોઉ તો આ બધા ટેમ્પરરી એડજસ્ટમેન્ટને મારે શું કામ છે તે !

આત્મા જ્યારે દેહ છોડીને મોક્ષે જાય છે ત્યારે એનું સચ્ચિદાનંદ સ્વરૂપ હોય છે. એનો પ્રકાશ આખા બ્રહ્માંડમાં ફેલાઈ જાય છે. ત્યાર પછી એ સિદ્ધક્ષેત્રમાં જાય છે ને સિદ્ધ બની જાય છે.

જય સચ્ચિદાનંદમાં તો આખા વર્લ્ડનું એક્સ્ટ્રેક્ટ (સાર) ભરેલું છે. બધા શુદ્ધાત્માનો એક માત્ર સ્વભાવ તે સચ્ચિદાનંદ છે. ચોવીસ તીર્થંકરોનું ભેગું સ્વરૂપ તે સચ્ચિદાનંદ છે. તીર્થંકરોના નામો તો એમના દેહના પડેલા છે. તે ચોવીસને ભેગા સ્વરૂપે બોલવા હોય તો તે 'સચ્ચિદાનંદ' છે. સચ્ચિદાનંદ તો તેમનું સ્વરૂપ છે. 'સચ્ચિદાનંદ' બોલો તો ચોવીસેય તીર્થંકરોને પહોંચે. એટલે સચ્ચિદાનંદ બોલશે તોય કલ્યાણ થઈ જશે.

## છતાં પ્રકૃતિની સાંકળે બંદીવાન

**પ્રશ્નકર્તા :** સચ્ચિદાનંદ છે તો પછી આત્મા પોતે સ્વતંત્ર અને મુક્ત છે?

**દાદાશ્રી :** ના, સચ્ચિદાનંદ સ્વરૂપ છે પણ સ્વતંત્ર નથી. તેથી તો આ વેશ થયો છે. સ્વતંત્ર હોય તો તો હમણે મુક્તિ જ થઈ જાય ને ! વાર જ શું લાગે ? આ તો એવો બંધાયેલો છે, તે જો લોઢાની આવી જાડી સાંકળ હોત ને, તેનાથી બંધાયો હોત ને, તો આપણે 'ગેસ કટિંગ' કરીને કાપી નાખત. પણ આ તો એવો બંધાયેલો છે કે જે તૂટી જ ના શકે. એ સાંકળેય કેવી જાતની ? કવિએ શું લખ્યું છે ? 'અધાતુ સાંકળીએ પરમાત્મા બંદીવાન.' અધાતુ સાંકળીએ એટલે આ પ્રકૃતિની સાંકળીએ, એમાં બંધાયો છે. 'આત્માને બંધન નથી' એ વાત તો સો ટકા સાચી છે, પણ કઈ અપેક્ષાએ ? આ તો નિરપેક્ષ વાત છે. આત્માને જ્ઞાનભાવે બંધન નથી, અજ્ઞાનભાવે બંધન છે. તમને જ્ઞાનભાવ આવ્યો કે 'હું શુદ્ધાત્મા છું', તો 'તમને' બંધન નથી અને જ્યાં સુધી 'હું જ

ચંદુભાઈ છું' એવો ભાવ છે, ત્યાં સુધી બંધન જ છે.

**પ્રશ્નકર્તા :** એવું કહે છે કે આત્મા સચ્ચિદાનંદ ઘન છે, એમાં આ કલ્પના છે કે સાચું છે ?

**દાદાશ્રી :** સાચું છે. આત્મા સચ્ચિદાનંદ ઘન છે એ સાચી વાત છે, એમાં કલ્પના નથી.

**પ્રશ્નકર્તા :** બીજા લોકો એને કલ્પના કહે છે તે ?

**દાદાશ્રી :** કલ્પના કરનારને હજુ સચ્ચિદાનંદ શું છે, એનું ભાન નથી. જો ભાન થાય ને, તો પોતાને કાયમનો, શાશ્વત આનંદ થાય. સનાતન સુખ પ્રાપ્ત થાય ત્યારે સચ્ચિદાનંદ થાય.

## 'શુદ્ધાત્મા' શબ્દ એ સંજ્ઞા રૂપે

**પ્રશ્નકર્તા :** આત્મા સચ્ચિદાનંદ ઘન છે, તો 'શુદ્ધાત્મા' કેમ કહ્યું ?

**દાદાશ્રી :** આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે, પણ આ લોકોને 'સચ્ચિદાનંદ' શબ્દ કેમ નથી આપ્યો ? કારણ કે 'સચ્ચિદાનંદ' એ ગુણવાચક હોવાથી આ લોકોને નહીં સમજાય. આમને શુદ્ધાત્માની જરૂર છે. એટલા માટે આ લોકોને 'શુદ્ધાત્મા' શબ્દ આપ્યો છે.

દરઅસલ આત્મા તો 'આકાશ' જેવો છે અને આ શુદ્ધાત્મા એ તો એક સંજ્ઞા છે. શી સંજ્ઞા છે ?

**પ્રશ્નકર્તા :** ઓળખવા માટે.

**દાદાશ્રી :** ના. આ તારા દેહથી ગમે એટલા કાર્ય થાય, સારાં થાય કે ખોટાં થાય, તું તો શુદ્ધ જ છે. ત્યારે કોઈ કહે કે 'હે ભગવાન, હું શુદ્ધ જ છું ? પણ આ દેહે અવળા કામ થાય તે ?' તોય ભગવાન કહે, 'એ કાર્ય તારા ન્હોય. તું તો શુદ્ધ જ છે. પણ જો તું માને કે આ કાર્ય મારા, તો તને ચોંટશે.' એટલા માટે શુદ્ધાત્મા શબ્દ, એ સંજ્ઞા લખેલી છે.

## શુદ્ધતા વર્તવા કાજે શુદ્ધાત્મા કહો

હવે શુદ્ધાત્મા કહેવાની કેમ જરૂર પડી ? જ્ઞાન આપતી વખતે શુદ્ધાત્મા કેમ આપીએ છીએ ?

**પ્રશ્નકર્તા :** એટલે શુદ્ધપણું પોતાનું છે એ ટકી રહે એટલા માટે છે ને ?

**દાદાશ્રી :** શુદ્ધ થઈ ગયેલો છે હવે. હવે કોઈ જાતનો આત્મા સંબંધી વિચાર કરીશ નહીં અને મારી આજ્ઞામાં રહે હવે. રહેવાય કે ના રહેવાય ?

**પ્રશ્નકર્તા :** રહેવાય.

**દાદાશ્રી :** 'ચંદુભાઈના હાથે ગમ્મે તેવું ભયંકર કાર્ય થઈ જાય, ખૂન થઈ જાય તો ?' ત્યારે કહે, 'તોય તું પોતે શુદ્ધ છું. તારું શુદ્ધપણું ચૂકાવું ના જોઈએ.' ચૂક્યો કે બગડ્યું !

**પ્રશ્નકર્તા :** ત્યાં શુદ્ધપણું જાગ્રત કેવી રીતે રાખવું ?

**દાદાશ્રી :** શુદ્ધ જ છું, તું પોતે શુદ્ધ છું. આ તો જે બની ગયું એ ગયું, અને એ વ્યવસ્થિતને તાબે હતું તે. પણ તે ઘડીએ શુદ્ધપણું રહે નહીં ને શંકા પડે. એટલે આપણે શુદ્ધાત્મા આપેલો કે ગમે તેવી સ્થિતિમાં તું શુદ્ધ જ છું, એવું માનજે. એટલે બધું સમજી કરીને શુદ્ધાત્મા થયેલો છું તું. એમ ગપ્પું નથી માર્યું આ.

## નિઃશંક થઈ શુદ્ધાત્મા રહો

**પ્રશ્નકર્તા** : આપે શુદ્ધાત્મા શાથી કહ્યો, આત્મા જ કેમ ના કહ્યો ? આત્માયે ચેતન તો છે જ ને ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા સિવાય બીજા બધા જ પરમાણુઓ છે. તે અનંત છે, 'ફિઝિકલ' છે, તેની અંદર ભગવાન ફસાયા છે ! શુદ્ધાત્મા એટલે શુદ્ધ ચેતન જ. શુદ્ધ એટલા માટે કહેવાનું કે પહેલાં મનમાં એમ લાગતું હતું કે 'હું પાપી છું, હું આવો નાલાયક છું, હું આમ છું, હું તેમ છું.' એવા બધા પોતાની જાત ઉપરના જે આરોપ હતા, તે આરોપ બધા નીકળી ગયા. શુદ્ધાત્માને બદલે 'આત્મા' એકલો કહે તો પોતાની શુદ્ધતાનું ભાન ભૂલી જાય, નિર્લેપતાનું ભાન જતું રહે. એટલે 'શુદ્ધાત્મા' કહ્યું.

અને 'શુદ્ધાત્મા' શાથી કહ્યું 'એને' કે આખો સંસાર કાળ પૂરો થવા છતાં 'એને' અશુદ્ધતા અડતી નથી, એટલે શુદ્ધ જ છે. પણ 'શુદ્ધાત્મા'ની 'પોતાને' બિલિફ ના બેસે ને ? 'હું' શુદ્ધ કેવી રીતે ? 'મારાથી આટલા પાપ થાય છે, મારાથી આમ થાય છે, તેમ થાય છે.' એટલે 'હું શુદ્ધ છું' એ બિલિફ 'એને' બેસે નહીં, ને શંકા રહ્યા કરે કે 'હું શુદ્ધાત્મા છું' કેવી રીતે કહેવાય ? મને શંકા છે.

એટલે આ 'જ્ઞાન' પછી હવે 'તને' 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેઠું છે. માટે હવે તારાથી ગમે તે કાર્ય થાય, સારું અગર નરસું, એ બન્નેનો માલિક 'તું' નથી. 'તું' શુદ્ધ જ છે. તને પુણ્યનો ડાઘ પડવાનો નથી અને પાપનોયે ડાઘો પડવાનો નથી. માટે 'તું' શુદ્ધ જ છે. તને શુભનોયે ડાઘો પડવાનો નથી અને અશુભનોય ડાઘો પડવાનો નથી. અમે 'જ્ઞાન' આપતાંની સાથે જ કહીએ છીએ ને, કે હવે તને આ બધું નહીં અડે. એ નિઃશંક થાય ત્યાર પછી એનું ગાડું ચાલે.

શુદ્ધાત્માની જરૂર કેમ ? આ લોકો કહે છે કે 'હું પાપી છું.' ત્યારે કહે, 'જો 'તું' 'વિજ્ઞાન' જાણે તો તને પાપ અડે એવું નથી. 'તું' 'શુદ્ધાત્મા' જ છે, પણ 'તારી' બિલીફ રોંગ છે.' જેમ એક માણસ અહીં આગળ રૂમમાં રાત્રે એકલો સૂઈ ગયો હોય અને દિવસે એણે ભૂતની વાત સાંભળી હોય, તો રાત્રે અંદર પ્યાલો ખખડ્યો કે ત્યાં જ 'એની' બિલીફ રોંગ પેસી ગઈ કે 'કંઈક ભૂત છે.' હવે એ રોંગ બિલીફ નીકળે નહીં ત્યાં સુધી 'એની' દશા આવી ને આવી જ રહે, તરફડાટ રહ્યા કરે.

તને જો શંકા પડશે તો તને ચોંટશે અને તું નિઃશંક છે તો તને નહીં અડે ! 'દાદા'ની આજ્ઞામાં રહ્યો કે તને નહીં અડે !

તમને મૂળ આત્માની જે શંકા હતી તે જતી રહી, એટલે બીજી શંકાઓય જતી રહે. પણ છતાંય મહીં બુદ્ધિશાળી માણસોને પાછી શંકા, મૂળ સ્વભાવ એ હોય ને, તો ફરી શંકા ઊભી થઈ જાય.

મૂળ હકીકતમાં શંકા પાડવા જેવી છે જ નહીં. ખરેખર 'તું' કશું કરતો જ નથી, આવી કોઈ ક્રિયા કરતો જ નથી. આ તો ખાલી ભ્રાંતિ જ છે, આંટી પડી ગયેલી છે. એટલે શુદ્ધાત્મા તે સંજ્ઞા, પોતે શુદ્ધ જ છે, ત્રણેય કાળ શુદ્ધ જ છે, એ સમજાવવા માટે છે.

## પ્યૉર કોણ ને ઈમ્પ્યૉર કોણ ?

**પ્રશ્નકર્તા :** હું પ્યૉર સૉલ (શુદ્ધાત્મા) છું, તો આ ચંદુ ઈમ્પ્યૉર (અશુદ્ધ) કેવી રીતના થયો ?

**દાદાશ્રી :** આ છ તત્ત્વો છે ને, એ અવિનાશી

છે. આમ સામસામે ફરવાથી વિનાશી અવસ્થા થાય છે.

તે આ ચંદુભાઈ છે તે આ પુદ્‌ગલનું સ્વરૂપ છે ને 'પોતે' 'હું ચંદુ છું' માને છે, તેથી આ દોષો થયા કરે છે. તે ખરેખર આ પોતાનું સ્વરૂપ નથી. પોતે ઈમ્પ્યૉર થયો જ નથી પણ ઈમ્પ્યૉર થયાની ભ્રાંતિ જ છે. કારણ તું તો પ્યૉર જ હતો, પણ ભ્રાંતિથી તારી માન્યતામાં આવ્યું કે 'હું આ ચંદુ છું.' બાકી બાય રિલેટિવલી સ્પિકિંગ યુ આર ચંદુ. રિયલી સ્પિકિંગ યુ આર પ્યૉર સૉલ, નોટ રિલેટિવલી સ્પિકિંગ (રિલેટિવમાં તું ચંદુ છે, રિયલમાં તું શુદ્ધાત્મા છે. રિલેટિવમાં નહીં). હવે 'આણે' શું કરવું જોઈએ કે રિયલી સ્પિકિંગમાં જ રહેવું જોઈએ અને રિલેટિવલી સ્પિકીંગમાં 'તું' જે તારી જાતને માનતો હતો, તેનું નામ ઈગોઈઝમ (અહંકાર) હતું. 'તમે' તો ચેતન છો, તમારું ક્રિયેશન (નિર્માણ) કુદરત કરી શકે નહીં અને કુદરત નિર્જીવ છે. એટલે કુદરતે આ તમને કર્યા નથી. તમે ક્રિયેચર (પ્રાણી) નથી કુદરતના.

### શુદ્ધાત્મા શબ્દનો મર્મ

**પ્રશ્નકર્તા :** આ શુદ્ધાત્માનો મર્મ શું છે ?

**દાદાશ્રી :** 'શુદ્ધાત્મા'નો મર્મ એ અસંગ છે, નિર્લેપ છે; જ્યારે 'આત્મા' એવો નથી. 'આત્મા' લેપાયેલો છે ને 'શુદ્ધાત્મા' એ તો પરમાત્મા છે. બધા ધર્મવાળા બોલે છે ને, 'મારો આત્મા પાપી છે.' તોય શુદ્ધાત્માને કશો વાંધો નથી.

શુદ્ધાત્મા એ જ સૂચવે છે કે આપણે હવે નિર્લેપ થઈ ગયા, પાપ ગયા બધા. એટલે શુદ્ધ ઉપયોગ માટે 'શુદ્ધાત્મા' કહ્યો છે. બાકી 'આત્મા'વાળાને તો શુદ્ધ ઉપયોગ હોય નહીં. બધા આત્મા જ છે ને ! પણ જે શુદ્ધ ઉપયોગી હોય, તેને 'શુદ્ધાત્મા' કહેવાય. આત્મા તો ચાર પ્રકારના છે; અશુદ્ધ ઉપયોગી, અશુભ ઉપયોગી, શુભ ઉપયોગી અને શુદ્ધ ઉપયોગી, એવા બધા આત્મા છે. એટલે એકલો 'આત્મા' બોલીએ, તો એમાં કયો આત્મા ? ત્યારે કહે, 'શુદ્ધાત્મા.' એટલે શુદ્ધ ઉપયોગી એ શુદ્ધાત્મા હોય. હવે ઉપયોગ પાછો શુદ્ધ રાખવાનો છે. ઉપયોગ શુદ્ધ રાખવા માટે શુદ્ધાત્મા છે, નહીં તો ઉપયોગ શુદ્ધ રહે નહીં ને !

એક જણે પૂછયું કે 'દાદા, બધે આત્મા કહેવડાવે છે અને તમે એકલા શુદ્ધ આત્મા કહેવડાવો છો, એવું કેમ ?' મેં કહ્યું કે 'એ જે આત્મા કહે છે તે આત્મા જ ન હોય અને અમે શુદ્ધાત્મા કહીએ છીએ, એનું કારણ જુદું છે.' અમે શું કહીએ છીએ ? તને 'રીયલાઈઝ' (અનુભૂતિ) એક ફેરો કરી આપ્યું કે તું શુદ્ધાત્મા છું અને આ ચંદુભાઈ જુદા છે, એવું તને બુદ્ધિથીય સમજણ પડી ગઈ. હવે ચંદુભાઈથી ખરાબમાં ખરાબ કામ થઈ ગયું, લોકો નિંદા કરે એવું કામ થઈ ગયું, તે વખતે તારે 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ ના ચૂકવું જોઈએ. એ 'હું અશુદ્ધ છું' એવું ક્યારેય પણ માનીશ નહીં, એવું કહેવા માટે 'શુદ્ધાત્મા' કહેવો પડે છે. 'તું અશુદ્ધ થયો નથી' એટલા માટે કહેવું પડે છે. અમે જે શુદ્ધાત્મપદ આપ્યું છે, તે શુદ્ધાત્મપદ-શુદ્ધપદ પછી બદલાતું જ નથી. માટે શુદ્ધ મૂક્યું છે. અશુદ્ધ તો, આ દેહ છે એટલે અશુદ્ધિ તો થયા જ કરવાની. કોઈકને વધારે અશુદ્ધિ થાય, તો કોઈકને ઓછી અશુદ્ધિ થાય. અને તેનું પાછું પોતાના મનમાં પેસી જાય કે 'મને તો દાદાએ શુદ્ધ બનાવ્યો તો પણ આ તો અશુદ્ધિ હજી રહી છે.' અને એવું પેસી ગયું તો પાછું બગડી જાય.

### 'શુદ્ધાત્મા' વૈજ્ઞાનિક શબ્દ

હવે જો 'હું શુદ્ધાત્મા છું' જોઈન્ટ થયું એટલે પછી એને કશું અડે નહીં ને નડે નહીં. એ નિશ્ચયથી શુદ્ધ જ છે. પછી હવે ફરી બદલાય જ નહીં. એ પ્રકૃતિ નિશ્ચયથી જ ઉદયકર્મને આધીન છે, એ આપણા આધીન છે નહીં.

એટલે શુદ્ધ જ છે, તે 'હું છું' એ નક્કી કરેલું હોય. અને નિશ્ચયથી પાછું શુદ્ધ જ છે. એ શુદ્ધતા નહીં બદલાવી જોઈએ કે આ મારાથી આવા કામ થયા. ચંદુભાઈથી કામ થયા હોય ને પોતે પોતાના ઉપર લઈ લે કે મારામાં આવું થયું. તમે શુદ્ધાત્મા થયા તે નિશ્ચયથી, નહીં કે બીજી રીતે. નિશ્ચયથી શુદ્ધાત્મા એટલે હવે પછી તમારાથી અમુક સંજોગોમાં એવું ન બોલાય કે આ 'હું શુદ્ધાત્મા હોઈશ કે નહીં ?' ખરાબમાં ખરાબ કામ થયું હોય, તો એ પ્રકૃતિના આધીન છે, તમારે શું લેવાદેવા? એ પણ શુદ્ધાત્મા થઈને લોકો ચૂકી જાય છે ને, કે હવે હું શુદ્ધ રહ્યો નથી.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ એવું કેમ ચૂકી જાય ?

**દાદાશ્રી :** હા. તે ચૂકી ના જવું જોઈએ, એ જ એનો પુરુષાર્થ !

**પ્રશ્નકર્તા :** આપણે શુદ્ધાત્મા છીએ ત્યાં દ્વંદ્વ નથી એ બરાબર છે, પણ શુદ્ધ શબ્દ શું કામ વાપરવો પડે છે ?

**દાદાશ્રી :** હા, એ બહુ જ જરૂરિયાત છે. એ તો બહુ વૈજ્ઞાનિક શબ્દ છે, શુદ્ધ બોલવાનું. કેમ આત્મા ના બોલ્યા ? બીજો શબ્દ કેમ ના મૂક્યો? ત્યારે કહે છે, જ્ઞાની પુરુષે તને શુદ્ધાત્મા પદ આપ્યું. અને તે પછી ચંદુભાઈથી દુનિયા આખી નિંદા કરે એવું અઘટિત કાર્ય થયું તોય તું શુદ્ધ છું એ છોડીશ નહીં, તો તને કોઈ વાળ વાંકો કરનાર નથી. તારી શ્રદ્ધા ડગી કે માર ખાધો. તું શુદ્ધતા છોડીશ જ નહીં. એ કર્મ એનું ફળ આપીને જતું રહેશે. નહીં તો મનમાં રહી જાય કે આ ખરાબ કામ થયું એટલે હું બગડી ગયો. બગડ્યો એટલે ગોન (ગયો). એટલે ગમે તેવું ખરાબ કાર્ય થાય, આખું જગત નિંદા કરે તોય તમારું શુદ્ધાત્મા પદ તૂટતું નથી, એવું આ જ્ઞાન મેં આપેલું છે.

છતાં મનમાં કોઈ જો એમ કહે કે 'મને હવે કશો વાંધો નથી આવવાનો' તોય એ લટક્યો. હા, ડરતાં રહેવું. ડરતાં તો રહેવું જ જોઈએ. આપણે કહેવું, 'ચંદુભાઈ ડરીને ચાલો, મહાવીર ભગવાન પણ ડરીને ચાલ્યા હતા.' શું કહેવાનું પાડોશીને ? ડરો, ભય ના રાખો પણ ડરો.

**પ્રશ્નકર્તા :** એ પોતે તો શુદ્ધ જ છે પણ માન્યતા અવળી હતી.

**દાદાશ્રી :** હા, શુદ્ધ જ છે. માન્યતા અવળી હતી, તે હવે સવળી થઈ. તે ફરી પાછી માન્યતા અવળી ન પેસે, એટલા માટે 'તું શુદ્ધ છું' એ છોડીશ નહીં. કારણ કે આત્માનો સ્વભાવ કેવો છે ? ભગવાન મહાવીરે કહ્યું કે 'શુદ્ધાત્મા સમજણ પાડજો. જે સાધક સાધ્યપણું પ્રાપ્ત કરે, તેને સાધ્યપણામાં શુદ્ધાત્મા જ છે એવું સમજાવજો.' ત્યારે એ કહે, 'શુદ્ધાત્મા કહીએ છીએ એને બદલે બીજું કંઈક, આત્મા એકલો કહે તો ના ચાલે?' ત્યારે કહે, 'ના ચાલે. કારણ કે કંઈક એવો કર્મનો ઉદય આવશે, તે ઘડીએ એને પોતાને જ એમ લાગશે કે મેં આવું કર્યું, મેં આવું કર્યું' એમ કહેતાંની સાથે જ એ લટક્યો. કારણ કે કર્તા કોણ છે ? વ્યવસ્થિત. કોનું કર્યું ? તો કહે, રિલેટિવનું. હું રિયલ છું. હવે આત્માનો ગુણ શો ? ત્યારે કહે, જેવું ચિંતવે તેવો થઈ જાય. એટલે જો

શુદ્ધાત્મા ચિંતવન થયું તો શુદ્ધાત્મા રહ્યો અને નહીં તો થઈ જાય પેલો.

### રિલેટિવને જોતો થાય, એ જ રિયલ

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માની જે સ્થાપના એટલે રિયલ વસ્તુ થઈ.

**દાદાશ્રી :** હા, રિયલ વસ્તુ.

**પ્રશ્નકર્તા :** એટલે એના ઉપર તો એને જાગૃતિ રાખવી જ જોઈએ, એ આજ્ઞા નંબર વન. બીજું બધું રિલેટિવ છે અને પોતે રિયલ છે.

**દાદાશ્રી :** અને એ તો આખા જગતને રિલેટિવમાં મૂકી દીધું, હડહડાટ. હવે તમે એકુંય આજ્ઞા પાળો છો કે ? કઈ આજ્ઞા પાળો છો ?

**પ્રશ્નકર્તા :** રિયલ જોવાનું.

**દાદાશ્રી :** એમ ? રિયલ એકલું જ કે રિલેટિવ હઉ ? રિયલ અને રિલેટિવ બે જોડે હોઈ શકે. એકલું ના રહે. એટલે આ દેખાય તો પેલું દેખાય. પેલું દેખાય તો આ દેખાય.

**પ્રશ્નકર્તા :** એટલે રિયલ દેખાય તો રિલેટિવ દેખાય.

**દાદાશ્રી :** રિલેટિવ હોય તો જ રિયલ દેખાય અને રિયલ દેખાય તો રિલેટિવ દેખાય જ. એ અવિનાભાવી સંબંધ છે, એક હોય તો બીજું હોય જ ! રિયલ એનું નામ કહેવાય કે રિલેટિવને જોતો હોય.

**પ્રશ્નકર્તા :** રિયલ થઈને રિયલને પણ જોઈ શકે ને ?

**દાદાશ્રી :** જોઈ શકે, હા. રિલેટિવને જોવા-જાણવા સિવાય કોઈ બીજી ક્રિયા ના હોય એ રિયલ. જગત આખું રિલેટિવમાં, જોવા-જાણવા સિવાયની બીજી બધી ક્રિયાઓમાં પડેલું.

**પ્રશ્નકર્તા :** એટલે રિલેટિવ માત્રને જોવા-જાણવાની ક્રિયા એકલી રિયલની જ છે ?

**દાદાશ્રી :** હા, બીજું તો કોઈ જોઈ શકે જ નહીં.

### રિલેટિવ ને રીયલને જુદું પાડે તે પ્રજ્ઞા

**પ્રશ્નકર્તા :** રિયલ-રિલેટિવ બહાર જોતો જોતો જઉં, તો પછી એ કોણ જુએ છે ? શુદ્ધાત્મા જુએ છે ?

**દાદાશ્રી :** એ તો પ્રજ્ઞા જુએ છે, આત્મા જોતો નથી. અને પ્રજ્ઞા જુએ એટલે આત્મા ખાતે જ ગયું. બુદ્ધિ અને પ્રજ્ઞા, બેના જોવા-જાણવામાં ફેર છે. પેલી ઈન્દ્રિયગમ્ય છે ને આ અતીન્દ્રિયગમ્ય છે.

બધું વિનાશી તો ઓળખાય ને આપણને ! મન-વચન-કાયાથી જે આ બધું આંખે દેખાય છે, કાને સંભળાય છે, એ બધું જ રિલેટિવ છે.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે, પણ આ રિયલ અને રિલેટિવ જુદું કોણ પાડે છે ?

**દાદાશ્રી :** એ મહીં પ્રજ્ઞા છે, એ બેઉ જુદા પાડે છે. રિલેટિવનું જુદું પાડે ને રિયલનુંય જુદું પાડે.

**પ્રશ્નકર્તા :** રિયલ, રિલેટિવ ને પ્રજ્ઞા, આ ત્રણ વસ્તુ છે એવું થયું ને, તો પ્રજ્ઞા રિયલથી જુદી વસ્તુ છે ને ?

**દાદાશ્રી :** એ પ્રજ્ઞા રિયલની જ શક્તિ છે, પણ બહાર પડેલી શક્તિ છે. એ જ્યારે બહાર રિલેટિવ ના હોય ત્યારે મહીં એકાકાર થઈ જાય.

### સમજીને જુઓ જગત દિવ્યચક્ષુથી

**પ્રશ્નકર્તા :** અમે જ્યારે જ્યારે અમારા

વ્યવહારમાં ને વર્તનમાં આવીએ છીએ ત્યારે, 'હું શુદ્ધાત્મા છું' કે 'ચંદુલાલ છું' એની કંઈ જ સમજ પડતી નથી. રિયલ-રિલેટિવમાં ગૂંચવાડા થઈ જાય છે.

**દાદાશ્રી :** એ સમજી લેવાની જરૂર છે. 'તમે' ચંદુલાલેય છો ને 'તમે' 'શુદ્ધાત્મા'ય છો ! 'બાય રિલેટિવ વ્યુપોઈન્ટ'થી તમે 'ચંદુલાલ' ને 'બાય રિયલ વ્યુ પોઈન્ટ'થી તમે 'શુદ્ધાત્મા' છો ! 'રિલેટિવ' બધું વિનાશી છે. વિનાશી ભાગમાં તમે ચંદુલાલ છો ! વિનાશી વ્યવહાર બધો ચંદુલાલનો છે અને અવિનાશી તમારો છે ! હવે 'જ્ઞાન' પછી અવિનાશીમાં તમારી જાગૃતિ હોય.

સમજવામાં જરા ખામી આવે તો આવી કો'કવાર કો'કને ભૂલ થાય, બધાને થાય નહીં.

જ્ઞાનવિધિમાં તમને આ દિવ્યચક્ષુ આપ્યા છે. તે હવે આ બહારની આંખે પેકિંગ દેખાય અને અંદરની આંખે શુદ્ધાત્મા દેખાય. તમને સમજાયું આ આજે ? બાય રિલેટિવ વ્યુ પોઈન્ટ યૂ આર... (રિલેટિવ દૃષ્ટિથી તમે...)?

**પ્રશ્નકર્તા :** ચંદુભાઈ.

**દાદાશ્રી :** અને રિયલ વ્યૂ પોઈન્ટથી (રિયલ દૃષ્ટિથી) ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** તો તમારા વાઈફ રિલેટિવ વ્યૂ પોઈન્ટથી ?

**પ્રશ્નકર્તા :** વાઈફ.

**દાદાશ્રી :** અને રિયલ વ્યૂ પોઈન્ટથી ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** એય શુદ્ધાત્મા છે. એ જાણતા ના હોય ભલે, પણ છે શુદ્ધાત્મા મહીં. ના જાણતા હોય એ (સંસારમાં) માર ખાય. આ જાણવાની જરૂર છે. ખરેખર વાસ્તવિકતા એમ જ છે. આ ગાય છે ને, તે બાય રિલેટિવ વ્યૂ પોઈન્ટ ગાય અને બાય રિયલ વ્યૂ પોઈન્ટ શુદ્ધાત્મા. આ બકરી રિલેટિવ વ્યૂ પોઈન્ટથી બકરી અને રિયલ વ્યૂ પોઈન્ટથી શુદ્ધાત્મા. ભગવાનની ભાષાએ શુદ્ધાત્માનો માલ છે દરેક પેકિંગમાં. આ દરિયામાં કેટલી જાતના પેકિંગ હોય છે, નહીં ? મોટા-મોટા વ્હેલ માછલા ને આવડા નાના માછલા. અહીં ગાયો-ભેંસો, હાથી, વેરાયટિઝ ઑફ પેકિંગ, પણ મહીં માલ એક જ પ્રકારનો, શુદ્ધાત્મા.

આ બધાં જાતજાતના પેકિંગ છે. આ પુરુષો પેકિંગ, સ્ત્રીઓ પેકિંગ, કૂતરાં, બિલાડા, ગધેડો બધા પેકિંગની અંદર ભગવાન પોતે રહેલા છે. આ દેહ તો પેકિંગ (ખોખું) છે, મહીં બેઠા છે તે ભગવાન છે.

આ તમારુંય ચંદુલાલનું પેકિંગ છે ને મહીં ભગવાન બેઠા છે. આ ગધેડો છે તે ગધેડાનું પેકિંગ છે ને મહીં ભગવાન બેઠા છે. પણ આ અક્કરમીઓને નહીં સમજાવાથી ગધેડો સામે મળે તો ગાળ ભાંડે. તે એની મહીં ભગવાન નોંધ કરે, હંઅ... મને ગધેડો કહે છે? જા, ત્યારે એક અવતાર તનેય ગધેડાનો મળશે.

## પ્રેક્ટિસથી ખીલે દિવ્યદૃષ્ટિ

હવે બહાર જશો તો વાપરશો ને દિવ્યચક્ષુ ? એવું છે ને, અનાદિનો અજ્ઞાન પરિચય છે, તે આના માટે થોડું પ્રેક્ટિસ (અભ્યાસ)માં લેવા માટે બે-ચાર વખત અભ્યાસ કરશો ને, પછી ચાલુ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** મનુષ્યમાં તો ખબર પડી જાય

કે આમાં શુદ્ધાત્મા છે, પણ આ ઝાડ-પાનને જોવાની અમને પ્રેક્ટિસ ઉતરતી નથી !

**દાદાશ્રી :** એ પ્રેક્ટિસ આપણે પાડવી પડે. અનાદિથી અવળો અભ્યાસ, તે અવળો ને અવળો ચાલ્યા કરે. ડૉક્ટરે કહ્યું હોય કે જમણા હાથથી જમશો નહીં તમે, તોય આપણો જમણો હાથ પેસી જાય. જમવા માટે થોડીક ચાર દિવસ જાગૃતિ રાખવી પડે. એટલો આનો અત્યારથી અભ્યાસ કરી લેજો. દિવ્યચક્ષુથી જોતાં જોતાં જજો ને ! ધીમે ધીમે આપણે ગોઠવણી કરતાં જવાનું, એટલે ફિટ થતું જાય. ગાયો-ભેંસો બધામાં છે. એ શુદ્ધાત્મામાં ચેન્જ (બદલાયો) થયો નથી, આ પેકીંગ ચેન્જ થયું છે. શુદ્ધાત્મા તો એ જ છે, સનાતન છે.

## 'હું શુદ્ધાત્મા છું' બોલવા પાછળનો મર્મ

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લેતા પહેલાં આપણે 'હું ચંદુભાઈ છું' 'હું ચંદુભાઈ છું' એવું બોલતા નહોતા. પણ સમજીએ છીએ એ પ્રતીતિમાં જ હોય છે. હવે જ્ઞાન લીધા પછી શુદ્ધાત્માનું આપે લક્ષ જે આપ્યું, પછી વારંવાર 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું', એવું જે આપ બોલવાનું કહો છો, એની પાછળનો મર્મ શું છે? એની પાછળનું રહસ્ય શું છે?

**દાદાશ્રી :** (કર્મોનું) દેવું થયેલું હોય તો બોલવાની જરૂર. અને 'હું શુદ્ધાત્મા છું' એ આપણે જે જગ્યાએ છીએ તે જગ્યાએ, મૂળ ક્ષેત્રમાં શુદ્ધાત્મા બોલીએ છીએ. એક ફેરો જાણ્યું એ લક્ષમાં રહે, બસ થઈ ગયું. પણ આપણે તો અહીંથી હજાર માઈલ અવળા ચાલ્યા છીએ અને ત્યાં આપણે જાણ્યું કે 'હું શુદ્ધાત્મા છું', તો પાછું આવવું પડે ને આ. ત્યાં આગળ તમે એમ કહો કે 'હું શુદ્ધાત્મા થઈ ગયો સાહેબ ? ત્યારે મૂઆ, આટલું અવળું ચાલ્યો માટે ત્યાંથી અવળું પાછો જઈશ ત્યારે મૂળ શુદ્ધાત્મા થાય. એટલે તેનું 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' બોલવું પડે છે. તેનું આ બધું કરવું પડે.

આ તો થોડુંક સાધારણ કહે, 'હું શુદ્ધાત્મા છું, શુદ્ધાત્મા છું' થોડી બે-બે મિનિટ, પાંચ મિનિટ તો ઠીક છે અને અહીં આગળ વિધિ કરતી વખતે બોલે છે તે બરોબર છે. જેમ તમે ચંદુલાલ છો તે અગાશીમાં ચડીને 'હું ચંદુલાલ છું', 'હું ચંદુલાલ છું' એવું ગા ગા કરો ત્યારે લોક કહેશે, 'તે તો આ તમે છો, એને પછી શું કામ ગા ગા કરો છો ?' એવું તમે શુદ્ધાત્મા છો જ, છતાં 'હું શુદ્ધાત્મા છું' એટલા માટે બોલવાનું કે અવળો વધારે ચાલેલો એટલે આટલો પાછો ફરે છે. બાકી 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષમાં રહ્યા જ કરે છે. આ જે 'હું ચંદુભાઈ છું' તે અવળું ગયું હતું, એટલે 'હું ચંદુભાઈ છું' એવું બોલતા હતા. તે હવે 'હું શુદ્ધાત્મા' બોલો છો. એટલે એમ કરતાં કરતાં પેલું પાછું ફર્યું. 'હું ચંદુભાઈ' બોલતા હતા તો ચંદુભાઈની અસર થતી હતી અને અત્યારે 'હું શુદ્ધાત્મા' બોલે તો શુદ્ધાત્માની અસર થશે.

ચિત્ત જે અશુદ્ધ થઈ ગયું હતું, હવે એ પાછું ફર્યું.

## શુદ્ધ ચિત્ત એ જ શુદ્ધાત્મા

**પ્રશ્નકર્તા :** અશુદ્ધ ચિત્તમાં જે અશુદ્ધિ છે એનું સ્વરૂપ શું ?

**દાદાશ્રી :** ચિત્ત, એ તો કદી પોતાના સ્વરૂપ ભણી ના વળતાં, બીજી બાજુ જુએ એટલે અશુદ્ધ થઈ જાય. અન્ય દૃષ્ટિ થઈ કે અશુદ્ધ કહેવાય. પોતાના સ્વભાવ તરફ જુએ તો શુદ્ધ કહેવાય.

લોકોને ચિત્ત સંસાર દૃષ્ટિ તરફ જુએ છે. એટલે ક્રોધ-માન-માયા-લોભ બધા ઊભા થયા છે અને એનાથી બહુ દુ:ખ પડે છે. પણ એનો ઉપાય

જડતો નથી ને ! એટલે એકમાં રાગ કરે, બીજામાં દ્વેષ કરે. જ્યાં આગળ ઉકળાટ થાય ત્યાં દ્વેષ કરે. જ્યાં આગળ ઠંડક વળે ત્યાં રાગ કરે. કારણ કે સ્વભાવ બેઉ છે. શાતા અને અશાતા વેદનીય બેઉ જોડે ને જોડે ચાલ્યા કરે. ઘણી ફેરા અશાતા વધારે હોય, એમ ચાલ્યા કરે. આ દુષમકાળમાં શાતા જરીક જ છે. કો'ક વખત પણ એના આધારે, લાલચે બેસી રહે છે ને, કે હમણે ઠંડક વળશે, હમણે ઠંડક વળશે. 'આવતે વરસ, આવતું વરસ' એમ કહીને કાઢે છે ને ! અશાતામાં કાઢે છે. આશાનો માર્યો ને ! સારા કાળમાં અશાતા ઓછી હોય ને શાતા વધારે હોય. આ દુષમકાળમાં અશાતા વધારે હોય ને શાતા ઓછી હોય. આ બધી ચિત્તની જ ભાંજગડ છે. અશુદ્ધ ચિત્ત છે, એની જ ભાંજગડ છે. શુદ્ધ ચિત્ત થવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો શુદ્ધ ચિત્ત અને અશુદ્ધ ચિત્તમાં ફરક શો ?

**દાદાશ્રી :** અશુદ્ધ ચિત્ત ઊંધું જુએ છે કે 'આ મારા બાપા થાય ને આ કાકા થાય.' 'હમણે છોકરા જોડે મને ગમતું નથી' એમ કહે. આત્મા એ શુદ્ધ ચિત્ત છે. આ સંસાર એ અશુદ્ધ ચિત્તનું ફળ છે.

**પ્રશ્નકર્તા :** પણ એ તો બુદ્ધિ અને જ્ઞાનનો વિષય છે ને ? એમાં ચિત્ત કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** બુદ્ધિની કશી ભાંજગડ નથી. બુદ્ધિ તો છેવટે એન્ડ ઉપર ડિસિઝન (નિર્ણય) લે છે, બીજું કશું કરતી નથી.

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' અને 'હું ચંદુભાઈ નથી', એ વસ્તુ તો જ્ઞાનથી જોવાય ને ? એમાં ચિત્ત ક્યાં આવ્યું ?

**દાદાશ્રી :** ચિત્ત એટલે જ્ઞાન-દર્શન, આ બે ગુણનો અધિકારી એ ચિત્ત. આ બન્નેય ગુણ અશુદ્ધ હોય તો એ અશુદ્ધ ચિત્ત કહેવાય અને શુદ્ધ હોય તો શુદ્ધ ચિત્ત કહેવાય.

શુદ્ધ જ્ઞાન + શુદ્ધ દર્શન = શુદ્ધ ચિત્ત = શુદ્ધાત્મા.

અશુદ્ધ જ્ઞાન + અશુદ્ધ દર્શન = અશુદ્ધ ચિત્ત = અશુદ્ધાત્મા.

શુદ્ધાત્માને શું કહેવાય, તે જાણો છો ?

'હું શુદ્ધાત્મા છું' એ જ છે તો શુદ્ધ ચિદ્રૂપ છે. શુદ્ધ ચિદ્રૂપ એનું નામ જ શુદ્ધાત્મા.

**પ્રશ્નકર્તા :** આત્મા અને ચિત્તમાં શું તફાવત ?

**દાદાશ્રી :** આત્મા અને ચિત્તમાં ફેર એટલો જ છે કે ચિત્ત ક્યાં સુધી ? અશુદ્ધતા છે ત્યાં સુધી. જ્યારે ચિત્તમાંથી અશુદ્ધતા ઓછી થતી થતી થતી ૯૯ ટકા શુદ્ધતા થઈ, તોય ત્યાં સુધી અશુદ્ધ ચિત્ત કહેવાય અને સો ટકા થાય એટલે જ્ઞાન કહેવાય, આત્મા કહેવાય. અશુદ્ધ જ્ઞાન-દર્શન છે એ ચિત્ત છે અને શુદ્ધ જ્ઞાન-દર્શન એ આત્મા છે. એટલે આ અશુદ્ધ ચિત્તને શુદ્ધ કરવાની જરૂર છે.

## પ્રત્યક્ષથી પ્રગટે કે પુસ્તકના દીવાથી ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા વગર પુસ્તકમાં વાંચીને 'હું શુદ્ધાત્મા છું' બોલે, તોય એનું ફળ મળે ને ?

**દાદાશ્રી :** કશુંય ફળ ના મળે. 'જ્ઞાન' લીધા વગર 'શુદ્ધાત્મા છું' બોલે તો કામ ના લાગે. એને 'શુદ્ધાત્મા' તો યાદ જ ના આવે ને !

અને પેલું ચોપડીમાં તો એવું લખેલું છે કે 'આત્મા શુદ્ધ છે ને તું શુદ્ધાત્મા છે. આ બધું તું

ન હોય. અને સંસારમાં આપણે શુદ્ધાત્મા તરીકે કંઈ કરી શકીએ એમ છીએ જ નહીં. એ દ્રવ્ય એનું કામ કરે છે, આ દ્રવ્ય એનું કામ કરે છે.' એવું બધું કહેવા માગે છે. પણ લોકોને શુદ્ધાત્મા શી રીતે રહે ? આ તો અહંકાર ને ક્રોધ-માન-માયા-લોભ બધુંય સાથે છે, તો એને શુદ્ધાત્મા શી રીતે રહે ? આમ આખો દહાડો ગોખીને 'શુદ્ધાત્મા છું' બોલે છે, પણ એમને શુદ્ધાત્માનું લક્ષ બેસે નહીં ને ! 'જ્ઞાની પુરુષ' પાપ બાળી આપે ત્યારે શુદ્ધાત્માનું લક્ષ બેસે અને તે લક્ષ આખો દહાડો રહે, નહીં તો લક્ષમાં રહે નહીં ને ! એટલે પહેલાં પાપ ધોવાઈ જવા જોઈએ.

**પ્રશ્નકર્તા** : આપની પાંચ આજ્ઞા લખાયેલી હોય તો આજથી સો વર્ષ-બસ્સો વર્ષ પછીથી પણ પાંચ આજ્ઞા વાંચીને એ બોલે, એના પર વિચાર કરે, તો પછી એને શુદ્ધાત્માનું પદ મળે કે નહીં ?

**દાદાશ્રી** : ના, ના. એ તો કોઈ જ્ઞાનીઓ રહેવાના, બસ્સો-પાંચસો વર્ષ સુધી કંઈનું કંઈ ફૂટવાનું. દરેકનામાં વહેલો-મોડો 'પ્રકાશ' થયા કરવાનો, તે એવા કોઈ હોય તો બધાને કામ લાગે. બાકી, એમ ને એમ શુદ્ધાત્મા થવાય નહીં.

## જ્ઞાની પુરુષનો આપેલો શુદ્ધાત્મા કામનો

**પ્રશ્નકર્તા** : 'હું શુદ્ધાત્મા છું' બોલવાથી શુદ્ધાત્મા થઈ જવાય ?

**દાદાશ્રી** : એમ નથી થઈ જવાનું. એમ તો કેટલાક લોકો બોલે છે ને કે 'હું શુદ્ધાત્મા છું', પણ કશું વળે નહીં.

**પ્રશ્નકર્તા** : જો ચોપડીમાંથી વાંચીને અથવા તો કોઈના કહેવાથી 'હું શુદ્ધાત્મા છું' બોલે તો ફાયદો થાય ?

**દાદાશ્રી** : એમાં દહાડો વળે નહીં કશોય. એવું લાખ અવતાર સુધી 'શુદ્ધાત્મા' બોલે ને તોય કશું વળે નહીં.

જેમ તમારો એક ભાઈબંધ હોય, તે તમારી જોડે વાત કરતાં કરતાં ઊંઘી ગયો હોય, પણ તમે એમ જાણો કે એ જાગે છે, એટલે તમે એને રૂપિયા આપવાનું પૂછો, ફરી પૂછો ત્યાર પહેલાં એ બોલે કે 'હું તને પાંચ હજાર રૂપિયા આપીશ.' તો આપણે શું એ સાચું માનવું ? આપણે તપાસ તો કરવી પડે ને કે એ ઊંઘમાં છે કે જાગતા બોલે છે ? ઊંઘતો બોલે ને, તો આપણે આખી રાત બેસી રહીએ તોય કશું આપે નહીં અને જાગતો બોલતો હોય તો આપણને આપે. એવી રીતે આ ઊંઘતા બોલે છે કે 'હું શુદ્ધાત્મા છું.' એટલે કશું વળે નહીં. 'હું શુદ્ધાત્મા છું' એ ભાન 'જ્ઞાની પુરુષ'નું આપેલું હોવું જોઈએ. એટલે જાગતો હોય ને બોલે તો કામનું. એવું હું તમને જાગતા કરીને 'શુદ્ધાત્મા છું' બોલાવડાવું છું, એમ ને એમ નથી બોલાવડાવતો !

## ન હોય મહાત્માને મિકેનિકલ

**પ્રશ્નકર્તા** : 'હું શુદ્ધાત્મા છું' બોલ બોલ કરવાથી મિકેનિકલ ના થઈ જાય ?

**દાદાશ્રી** : આપણા મહાત્માઓને મિકેનિકલ ના થાય પણ બહાર બીજાને થઈ જાય. બીજા પોતે મિકેનિકલ છે, તેથી તે મિકેનિકલ જ થાય.

**પ્રશ્નકર્તા** : કોઈ અજ્ઞાનતામાં મિકેનિકલપણે 'હું શુદ્ધાત્મા છું' બોલે તો ?

**દાદાશ્રી** : એમાં કશું વળે નહીં અને જ્ઞાન આપેલો માણસ મિકેનિકલ બોલતો નથી અને મિકેનિકલ જેવું લાગે ખરું પણ મિકેનિકલ બોલતો નથી. અને આ જ્ઞાન ના આપેલું હોય તો 'હું

શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' આખી રાત ગાય તોય કશું ના વળે.

**પ્રશ્નકર્તા :** એ સીધું બોલે તોય મિકેનિકલ થાય ?

**દાદાશ્રી :** હંઅ. તે એ સીધું બોલે તોય મિકેનિકલ. કારણ કે તું જે છું, હજુ તારી એ માન્યતા તૂટી નથી. અને તું કહું કે 'હું નગીનદાસ છું', પાછો એમેય બોલું છું.

## સોહમ્‌થી શુદ્ધાત્મા ના સધાય

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' એવું બોલવું અને 'સોહમ્' બોલવું, એમાં શો ફેર છે ?

**દાદાશ્રી :** સોહમ્ બોલવાનો અર્થ જ નથી. 'શુદ્ધાત્મા' તો 'તમે' છો જ. સોહમ્‌નો અર્થ શું થયો ? 'તે હું છું', તેમાં આપણું શું કલ્યાણ વળ્યું ? એટલે 'હું શુદ્ધાત્મા છું' એમાં જ પોતાનું કલ્યાણ છે, એમાં 'આ શુદ્ધાત્મા તે હું છું.' સોહમ્ તો શુદ્ધાત્મા પ્રાપ્ત કરવા માટેનું સાધન છે. જેને સાધ્ય મળી જાય પછી એને સાધન છૂટી જાય છે.

## જ્ઞાન પછી 'શુદ્ધાત્મા' ખ્યાલમાં રાખવું

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' એ નવરા પડ્યા હોય તો બોલીએ અને જાપ કરીએ તો ચાલે કે કેમ ?

**દાદાશ્રી :** એ જાપની વસ્તુ ન્હોય. એ જાપ કરનારો કોણ આમાં ? એટલે એ જાપની વસ્તુ ન્હોય, એ ખ્યાલમાં રાખવાનું. 'હું શુદ્ધાત્મા છું' એ ખ્યાલમાં રહેવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ એવું બોલીએ તો વધારે ખ્યાલમાં ના આવે ?

**દાદાશ્રી :** થોડીવાર બોલવાનું હોય. મેં 'જ્ઞાન' આપ્યા પછી તમે શુદ્ધાત્મા થઈ ગયા. હવે શું ગા ગા કરવાનું તે ?

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' એની માળા કરવાની જરૂર ખરી ?

**દાદાશ્રી :** એ માળા કરવાની કશી જરૂર નથી. આત્માની માળાઓ ફેરવશો નહીં. માળા સ્વરૂપ નથી એ. શબ્દ સ્વરૂપ નથી એ. 'હું શુદ્ધાત્મા છું' એ આપણને ખ્યાલમાં રહેવું જોઈએ, બસ. અને એ 'શુદ્ધાત્મા છું' એવું લક્ષ રહે, એનું નામ શુદ્ધાત્માનું ધ્યાન કહેવાય. એ શુક્લધ્યાન વર્તે છે. કલ્યાણ થઈ ગયું ! બીજું કશું હવે આઘુંપાછું કરવાની જરૂર નથી.

## રટણ નહીં, સહજની બહુ કિંમત

**પ્રશ્નકર્તા :** 'હું આત્મા છું' એ રટણ જ વધારે રહ્યા કરે તો સારું ?

**દાદાશ્રી :** ના, એવું નહીં. રટણ તો બધું આ સંસાર દશામાં, સાધક દશામાં કરવાની જરૂર. અહીં તો એ પરમાત્મા થયો. અમે આ જ્ઞાન આપ્યા પછી પોતે પરમાત્મા થયો, પણ પ્રતીતિએ કરીને !

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાન' લીધા પછી, 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એનું રટણ અને 'રામ, રામ' એવું નામસ્મરણ, એ બેમાં શું ફેર છે ?

**દાદાશ્રી :** રટણની તો બહુ જરૂર જ નથી હોતી. રટણ તો રાત્રે થોડીક વાર માટે કરીએ, પણ કંઈ આખો દહાડો 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એવું ગા ગા કરવાની જરૂર હોતી નથી.

**પ્રશ્નકર્તા :** એવું કરે નહીં, પણ 'હું શુદ્ધાત્મા છું' એ એની મેળે આવી જાય છે.

**દાદાશ્રી :** ના, પણ રટણ કરવાની જરૂર

નથી. રટણ કરવું અને આવી જવું, એ બેમાં ફેર છે. એની મેળે આવે અને રટણ કરવામાં ફેર ખરો કે નહીં ? શો ફેર ?

**પ્રશ્નકર્તા :** પેલું સહજ આવે.

**દાદાશ્રી :** હા, સહજ આવે. એટલે એ સહજ જે આવે છે તમને, એ તો બહુ કિંમતી છે. રટણ કરવું એ ચાર આના કિંમતી હોય તો આની કિંમત તો અબજો રૂપિયા છે. એટલી બધી ફેરવાળી વાત, આ બે વાત ભેગી તમે મૂકી. અત્યારે તમારા ધ્યાનમાં 'હું ચંદુભાઈ છું' એવું રહે છે કે 'ખરેખર હું શુદ્ધાત્મા છું' એ રહે છે?

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું.'

**દાદાશ્રી :** તો એ શુક્લધ્યાન કહેવાય. તમારા ધ્યાનમાં શુદ્ધાત્મા છે, એને શુકલધ્યાન કહ્યું છે અને શુક્લધ્યાન એ પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે. એટલે તમારી પાસે જે સિલ્લક છે, એ અત્યારે હિન્દુસ્તાનમાં, આ વર્લ્ડમાં કોઈ જગ્યાએ નથી, એવી છે ! માટે આ સિલ્લકને સાચવીને વાપરજો. અને એને આની જોડે સરખામણી ના કરશો. તમે કોની જોડે સરખામણી કરી ?

**પ્રશ્નકર્તા :** 'રામ' નામ.

**દાદાશ્રી :** એ તો જાપ કહેવાય. જાપ તો એક પ્રકારની શાંતિને માટે જરૂરી, જ્યારે આ તો સહજ વસ્તુ છે.

### સમરણે, શુદ્ધાત્મા નહીં સાધ્ય

એક માણસ કહે છે, 'હું શુદ્ધાત્મા છું, એવું યાદ કર્યા કરું છું.' ત્યારે મેં કહ્યું, 'અલ્યા, યાદ કર્યા કરે છે તોય શુદ્ધાત્મા પ્રાપ્ત થયો નહીં ?' ત્યારે કહે છે, 'ના. અને બીજે દહાડે તો મને મનમાં એમ થયું કે પેલો કયો શબ્દ હશે ? કયો શબ્દ, કયો શબ્દ, તે ચાર કલાક સુધી એ શબ્દ યાદ જ ના આવ્યો.' એટલે શબ્દ જ ભૂલી જાય. એ સમરણથી (નામસ્મરણ) કશું લક્ષમાં ના બેસે. આવા સમરણ કરે એના કરતાં 'વાઈફ'નું સમરણ કરેલું સારું કે ભજિયાં-જલેબી તો કરી આપે ! આવા ખોટાં સમરણ આપી આપીને તો ના દેવગતિમાં ગયા ને ના અહીં આગળ સારી સાહેબી મળી ! એટલે આમેય રખડાવી માર્યા ને તેમેય રખડાવી માર્યા. અહીં જો સાહેબી મળી હોય તોય જાણીએ કે ઠીક છે.

આ તો કહેશે, 'સમરણ આપીએ છીએ, તમે સમરણ કર્યા કરજો.' અને અલ્યા, એ સમરણ ભૂલાય. સમરણ તો ક્યારે રહે કે જેની પર રાગ હોય ને, તો એ એની મેળે સમરણ રહ્યા કરે. અગર તો જેને બહુ જ દ્વેષ હોય, જેની પર બહુ જ ચીડ હોય, તે યાદ આવ્યા કરે. એટલે બહુ રાગ હોય તો તે યાદ આવ્યા કરે, એનું સમરણ રહે.

અને સમરણનું ફળ સંસાર, ભટક ભટક ભટક કરવાનું. આપને સમજાઈ આ વાત ? સમરણનો અર્થ સમજાયો ને ? એટલે સતત આત્મા હાજર થઈ એની મેળે જ બોલતો થવો જોઈએ. આપણે બોલાવીએ ને એ બોલે, એવું નહીં. એની મેળે હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ આ 'શુદ્ધાત્મા છું' એવું મહીંથી બોલવામાં આવે કે ના આવે ?

**દાદાશ્રી :** આવે ને !

**પ્રશ્નકર્તા :** પછી એ બોલતો હશે કે બોલાવતો હશે ?

**દાદાશ્રી :** એ બોલતા-બોલાવતાનો સવાલ નથી આમાં. કોઈ બોલતોય નથી અને બોલાવે તો એ બોલાવનાર ગુનેગાર થાય.

એટલે તમે જે ખોળો છો ને, ત્યાં અંધારું છે. તમે આગળ જે માગો છો ને, એ બધું અંધારું જ છે. એને બોલાવનાર કોઈ છે જ નહીં. આ 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' બોલે છે અને તમે જે કહો છો ને, તે બધું તો અંધારું ઘોર છે. તે બાજુ ઘણા લોકો ગયા ને, તે રખડી મર્યા છે બધા.

## એની મેળે આવે તો બેઠું લક્ષ

સમકિતી જીવને શું થાય ? 'હું શુદ્ધાત્મા છું' એ ભાન આવે અને પેલા બીજા લોકોને કશું ઠેકાણું ના હોય. તે એને થોડું ઘણું કોઈવાર ખ્યાલ આવે કે આ 'હું આત્મા છું', પણ સમકિતીને તો એની મેળે આવે. સ્મરણ તો કરવું પડે અને એની મેળે આવે એમાં બહુ ફેર. સ્મરણ કરીએ તો વિસ્મરણ થાય. વિસ્મરણ થયેલું હોય, તેનું સ્મરણ કરવાનું. એટલે આ બધા ચઢવાના રસ્તા છે. એટલે રટણ તમારે કરવાનું નહીં. રટણ કરો ને, તો પેલું મૂળ સહજ બંધ થઈ જશે. સહજ મહીં આવતું, સહેજાસહેજ આવે, 'હું શુદ્ધાત્મા છું' લક્ષ જ રહ્યા કરે.

**પ્રશ્નકર્તા :** હા, 'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ હંમેશાં રહ્યા જ કરે છે, ચોવીસ કલાક.

**દાદાશ્રી :** એ લક્ષમાં રહ્યા જ કરે આપણા.

**પ્રશ્નકર્તા :** તો 'હું શુદ્ધાત્મા છું' એવું બોલવાનું નહીં ?

**દાદાશ્રી :** બોલવું હોય તો બોલો. ના બોલવું હોય તો કંઈ જરૂર નથી એની. એ નિરંતર ચોવીસ કલાક લક્ષમાં જ રહે. રોજ રાતે 'હું શુદ્ધાત્મા છું' બોલતા બોલતા સૂઈ જવું.

પોતે શુદ્ધાત્મા થઈ જઈ અને બીજી બધી વસ્તુઓને કહીએ કે 'હવે અમે ઓફિસ બંધ કરી દઈએ છીએ. તમે સવારમાં આવજો, સાડા છ વાગે. હવે અત્યારે ઓફિસ બંધ છે.' જે જે વિચારો આવતા હોય તે બધાને કહી દેવાનું, 'આજે પહેલો દિવસ છે, એટલે રિક્વેસ્ટ (વિનંતી) કરીએ છીએ કે હવે તમે અત્યારે આવશો નહીં. નહીં તો તમારું અપમાન થશે, માટે ફરી આવશો નહીં.' એટલે પછી બંધ થઈ જાય. અને 'હું શુદ્ધાત્મા છું, શુદ્ધાત્મા છું' એમ ધીમે રહીને આપણા જ કાનને સંભળાય એ રીતે દાદાના ચિત્રપટનું નિદિધ્યાસન કરતાં કરતાં સૂઈ જવું.

**પ્રશ્નકર્તા :** દાદાએ તો કહ્યું છે ને, રાત્રે 'હું શુદ્ધાત્મા છું' બોલતાં અને નિદિધ્યાસન કરતાં કરતાં સૂઈ જવું તો આખી રાત પેલો નળ ચાલુ રહે, તો એ કઈ જાગૃતિ ?

**દાદાશ્રી :** એ ખ્યાલ કહેવાય. ખ્યાલમાં રહે તોય સારું.

રાત્રે તમે સૂઈ ગયા હો ને જાગો ત્યારે સૌથી પહેલું એની મેળે શું લક્ષમાં આવે છે તમને ?

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' એ જ આવે છે.

**દાદાશ્રી :** એની મેળે 'હું શુદ્ધાત્મા છું' એવું આવે તો લક્ષ બેસી ગયું છે એમ જાણવું. એને યાદ કરવું ના પડે. યાદ કરીએ તો એ તો યાદશક્તિ ના હોય તો યાદ ના પણ આવે. લક્ષ એ જાગૃતિ છે. અને આપણને તો અનુભવ હઉ છે. અનુભવ, લક્ષ, પ્રતીતિ - આ ત્રણેય આપણને છે. આત્માનો અનુભવ થાય ત્યાર પછી જ સમભાવે ક્રિયા થાય, પ્રવર્તન થાય.

## રોંગ બિલિફના સૂક્ષ્મ તાર તોડે જ્ઞાની

તમને એમ પૂછવામાં આવે, કે ખરેખર તમે

ચંદુભાઈ છો કે તમે શુદ્ધાત્મા છો ? તો તમે શું કહો ?

**પ્રશ્નકર્તા :** આમ તો શુદ્ધાત્મા છીએ, પણ વ્યવહારની અંદર ચંદુભાઈ.

**દાદાશ્રી :** હા, રિયલી તમે શુદ્ધાત્મા છો ને ?

**પ્રશ્નકર્તા :** હા, ચોક્કસ.

**દાદાશ્રી :** તો તમે ખરેખર શુદ્ધાત્મા છો એટલે તમારા લક્ષમાં શું રહે ? તમારા ધ્યાનમાં શું રહે ? 'હું શુદ્ધાત્મા છું' એવું ધ્યાનમાં રહે છે કે નથી રહેતું ?

**પ્રશ્નકર્તા :** હા, એ જ ધ્યાનમાં રહે, બરાબર.

**દાદાશ્રી :** એ તમારા ધ્યાનમાં રહે છે એ શુક્લધ્યાન છે. હવે શુક્લધ્યાન તમને ઊભું થયું. 'હું શુદ્ધાત્મા છું' એ ધ્યાન જેને રહે, તેને ભગવાને કહ્યું કે શુક્લધ્યાન કહેવાય. કારણ કે 'શુદ્ધાત્મા છું' એ ધ્યાન ચૂકાય નહીં, ભૂલી ના જવાય, એ લક્ષમાં જ રહ્યા કરે કે 'હું શુદ્ધાત્મા છું.'

**પ્રશ્નકર્તા :** એ ભૂલવા માગીએ તોય નથી ભૂલાતું.

**દાદાશ્રી :** ના ભૂલાય. એ તો આમ સંસાર વ્યવહારમાંય 'હું ચંદુલાલ છું' એવું જાણતા હોય ને, તે ઘણાય લોકો પોતાનું એ ભૂલવા માંગે પણ એ ભૂલાય ? એ તો રીતસર જ્ઞાનીના આધારે એના તાર કપાઈ જવા જોઈએ. સૂક્ષ્મ તાર, શ્રદ્ધાના તારો બેઠેલા હોય છે. એ તાર તૂટી જવા જોઈએ. ઊંધી શ્રદ્ધા, રોંગ બિલિફો તૂટે અને રાઈટ બિલિફ બેસે તો કામ લાગે.

રાઈટ બિલિફને 'સમ્યક્ દર્શન' કહ્યું અને ઊંધી બિલીફને 'મિથ્યાત્વ' કહ્યું. એટલે આ દેહાધ્યાસ કોને કહેવાય કે 'હું ચંદુલાલ છું', 'આ મેં કર્યું', 'આ મારું' એ બધું દેહાધ્યાસ. 'હું આ ધરમ બહુ જાણું છું', 'શાસ્ત્રોના શાસ્ત્રોનો બધો જાણકાર છું', 'શાસ્ત્રનું જ્ઞાન મને મોઢે છે', 'શ્રુતજ્ઞાન મોઢે છે' એ બધું દેહાધ્યાસ. બધા શાસ્ત્રો મોઢે હોય તો પણ ભગવાને તેને દેહાધ્યાસ કહ્યો. કારણ કે 'હું ચંદુલાલ છું' એ અધ્યાસ તૂટ્યો નથી. 'હું શુદ્ધાત્મા છું' એટલે થયું, એ બધો ઉકેલ આવી ગયો.

એક ફેરો સમકિત પામ્યા એટલે દૃષ્ટિ ફરી જાય. 'જગતની વિનાશી ચીજોમાં સુખ છે' એવા ભાવો જે દેખાડે છે એ મિથ્યાદૃષ્ટિ છે. દૃષ્ટિ 'આમ' ફરી જાય એટલે આત્માના જ સ્વભાવ દેખાયા કરે, એ સ્વભાવ-દૃષ્ટિ કહેવાય. સ્વભાવ-દૃષ્ટિ અવિનાશી પદને જ દેખાડ્યા કરે ! દૃષ્ટિફેરથી આ જગત ઊભું રહ્યું છે. 'જ્ઞાની પુરુષ' સિવાય દૃષ્ટિ કોઈ બદલી શકે નહીં. 'જ્ઞાની પુરુષ' દિવ્યચક્ષુ આપે, પ્રજ્ઞા જાગૃત કરી આપે ત્યારે દૃષ્ટિ બદલાઈ જાય. આપણો આત્મા તો દેખાય, પણ બીજાના પણ આત્મા દેખાય, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' થઈ જાય.

### સ્વ-શુદ્ધિ માટે શુદ્ધાત્મા જોવા

**પ્રશ્નકર્તા :** હું મારા શુદ્ધાત્મામાં રહું, પણ જોડે જોડે સામાના શુદ્ધાત્માનું અનુસંધાન થવું જોઈએ ને ?

**દાદાશ્રી :** સામાના શુદ્ધાત્મા જોવામાં ફાયદો શો છે કે આપણી પોતાની શુદ્ધિ વધારવા માટે છે, નહોય કે સામા માણસને લાભ કરાવવા માટે ! પોતાની શુદ્ધ દશા વધારવા માટે સામાના શુદ્ધાત્મા જુઓ એટલે પોતાની દશા વધતી જાય !

**પ્રશ્નકર્તા :** એક શુદ્ધાત્માનું બીજા શુદ્ધાત્મા જોડે અનુસંધાન થાય કે નહીં ?

**દાદાશ્રી :** અનુસંધાન કશું નહીં, આ સ્વભાવ છે. આ 'લાઈટ', આ 'લાઈટ', આ 'લાઈટ' - આ ત્રણ 'લાઈટો' ભેગી કરીએ, તેમાં દરેક 'લાઈટ'નું પોતાનું વ્યક્તિત્વ તો જુદું રહેશે. એમાં એકબીજાને કશો ફાયદો કોઈ કરતું નથી.

**પ્રશ્નકર્તા :** તો પછી સામાના માટે આપણને જે ખોટા ભાવ છે, ખરાબ ભાવ છે, તે પ્રતિક્રમણ કરવાથી ઓછા થાય ખરા ?

**દાદાશ્રી :** આપણા ખરાબ ભાવ તૂટી જાય, આપણા પોતાના માટે જ છે, આ બધું. સામાને આપણી જોડે કશી લેવાદેવા નથી.

ભેંસને, ગધેડાને, બધાંને શુદ્ધ જ જોશો તો તમને શુદ્ધતાનો લાભ મળશે. તમે ભેંસ જોશો તોય ચાલી જશે અને તેને શુદ્ધાત્મા જોશો તોય ચાલી જશે. હમણે કોઈ માણસ હોય, આપણે એના શુદ્ધાત્મા જોઈએ તોય ચાલ્યો જશે અને 'નાલાયક છે, બદમાશ છે' એવું કહીશું તોય ચાલ્યો જશે. ગમે તેવી દૃષ્ટિ તમારી હશે, તેની તો સામાને પડેલી નથી ને !

**પ્રશ્નકર્તા :** પણ આપણા આત્માના જે ભાવ હોય, તે સામાના આત્માના ભાવને અસર ના કરે ?

**દાદાશ્રી :** કશું ના અસર કરે. સામાને ને આપણે કશું લેવાદેવા જ નથી. ફક્ત જો લેવાદેવા હોય તો તમે પ્રતિક્રમણ કરો છો તે. પ્રતિક્રમણેય સમજાવું જોઈએ. કારણ કે આત્મા વીતરાગી સ્વભાવનો હોવાથી એ પ્રતિક્રમણ પહોંચે છે. એ અમારી જાત અનુભવીને મૂક્યું છે આ. તમનેય થોડા ઘણા અનુભવ તો થયા હશે ?

આપણે શુદ્ધાત્મા છીએ અને એય શુદ્ધાત્મા છે. આપણે લૂગડાં જોડે શું લેવાદેવા ? લૂગડાં તો રેશમીય હોય ને કકરાંય હોય. આ શરીર એ તો બધાં લૂગડાં છે !

## તમારી કૂંચી મારી પાસે છે

'જ્ઞાન' મળ્યું પહેલાં તમે ચંદુભાઈ હતા ને અત્યારે જ્ઞાન લીધા પછી શુદ્ધાત્મા થયા, તેમાં કંઈ અનુભવમાં ફેર લાગે છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** 'હું શુદ્ધાત્મા છું' એ ભાન તમને કેટલો વખત રહે છે ?

**પ્રશ્નકર્તા :** એકાંતમાં એકલા બેઠા હોય ત્યારે.

**દાદાશ્રી :** હા. પછી કયો ભાવ રહે છે ? તમને 'હું ચંદુભાઈ છું' એવો ભાવ આવે છે કોઈ વખત ? તમને રિયલી 'હું ચંદુભાઈ છું' એવો કોઈ દિવસ ભાવ થયેલો ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા પછી નથી થયો.

**દાદાશ્રી :** તો એ તમે શુદ્ધાત્મા જ છો. માણસને એક જ ભાવ હોય. એટલે 'શુદ્ધાત્મા છું' એ તમને નિરંતર રહે છે જ.

**પ્રશ્નકર્તા :** પણ ઘણીવાર વ્યવહારમાં શુદ્ધાત્માનું ભાન નથી રહેતું.

**દાદાશ્રી :** તો 'હું ચંદુભાઈ છું' એનું ધ્યાન રહે છે ? ત્રણ કલાક શુદ્ધાત્માનું ધ્યાન ના રહ્યું અને ત્રણ કલાક પછી પૂછે, 'તમે ચંદુભાઈ છો કે શુદ્ધાત્મા છો ? ત્યારે શું કહો ?'

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** એટલે એ ધ્યાન હતું જ. એક

શેઠ હોય, દારૂ પીધો હોય તે વખતે ધ્યાન બધું જતું રહે. પણ દારૂ ઊતરી જાય ત્યારે ?

**પ્રશ્નકર્તા :** પાછાં જાગૃત થઈ જાય.

**દાદાશ્રી :** એવી આ બીજી બહારની અસર છે.

હું પૂછું કે ખરેખર ચંદુભાઈ છો કે શુદ્ધાત્મા છો ? ત્યારે તમે કહો કે 'શુદ્ધાત્મા.' બીજે દહાડે તમને પૂછું કે 'તમે ખરેખર કોણ છો ?' ત્યારે તમે કહો કે 'શુદ્ધાત્મા.' પાંચ દહાડા સુધી હું પૂછું, એટલે પછી હું સમજી જઉં ને, કે તમારી કૂંચી મારી પાસે છે. પછી તમે બૂમો પાડો તોય હું ગાંઠું નહીં. છો ને બૂમો પાડે.

## શુદ્ધાત્મા સાધાર તેથી શુદ્ધ વેપાર

અત્યાર સુધી ચેતનનો આધાર 'પુદ્ગલ' હતું, હવે ચેતનનો 'શુદ્ધાત્મા' આધાર થયો. એટલે પોતે પોતાનો જ આધાર થયો, હવે પુદ્ગલના આધારે નથી. જગત આખું પુદ્ગલને આધારે છે.

વાસણમાં ઘી ભર્યું હોય ને પેલા પંડિતને વિચાર આવે કે પાત્રના આધારે ઘી છે કે ઘીના આધારે પાત્ર છે. આવો વિચાર પંડિતને આવે, બીજા અબુધ લોકોને ના આવે. પંડિતનું ભેજું ફળદ્રુપ ખરું ને ! તે પંડિતે તપાસ કરવા વાસણ ઊંધું કર્યું, ત્યારે એમને સમજાયું કે ઓહોહો ! આ તો વાસણના આધારે ઘી હતું. તેવી રીતે આ લોકોને પુદ્ગલના આધારે આત્મા રહેલો છે. પોતે પોતાના આધારે થાય, 'હું' પુદ્ગલના આધારે નહીં, એવું સમજાય ત્યારે શુદ્ધાત્મા 'સાધાર' થાય ! પુદ્ગલના આધારીને ભગવાને 'નિરાધાર' કહ્યો, અનાથ કહ્યો અને આત્માના આધારીને સનાથ કહ્યો. સાધાર થઈ ગયા પછી કશું બાકી જ ના રહ્યું ને !

પંચમ્ દીવો 'શુદ્ધાત્મા' સાધાર,
શુદ્ધ ખાતાવહી, નિર્ભેદ વેપાર.

## લક્ષમાં જ હોય, શુદ્ધાત્મારૂપી હીરો

**પ્રશ્નકર્તા :** ચંદુભાઈ અને શુદ્ધાત્મા જુદા છે, એ સહજ રીતે ખબર પડવી જોઈએ કે આપણે પ્રયત્ન કરવો જોઈએ, પ્રેક્ટિકલથી ?

**દાદાશ્રી :** ના, એ તો જાગૃતિ જ કરી આપે. જાગૃતિ રહ્યા જ કરે એ. જેમ આપણે એક દાબડીમાં છે તે હીરો મૂક્યો હોય તો જ્યારે દાબડી ખોલી હતી, તે દહાડે હીરો જોયો હતો. પછી દાબડી વાસેલી હોય ને પડેલી હોય તોય મહીં આપણને હીરો દેખાય. ન દેખાય ?

**પ્રશ્નકર્તા :** દેખાય.

**દાદાશ્રી :** આ 'દેખાય છે' એનો અર્થ શું છે ? પછી તમને હીરો કાયમ ખ્યાલમાં રહે ને કે આ દાબડીની મહીં હીરો છે. આ દાબડી જ છે એવું કહો કે પછી આ દાબડીમાં હીરો છે એવું બોલો ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એવું બને છે કે રસ્તામાં જઈએ અને શુદ્ધાત્મા જોતા જઈએ પણ જેમ એક વસ્તુ જોઈ છે કે આ ડબ્બીમાં હીરો જ છે અને જેવું દેખાય ને, એવું સ્પષ્ટ દેખાય નહીં.

**દાદાશ્રી :** સ્પષ્ટ દેખવાની જરૂરેય નહીં.

**પ્રશ્નકર્તા :** એ તો પછી મિકેનિકલપણું લાગે.

**દાદાશ્રી :** ના, ના, જોયેલો છે. આપણા લક્ષમાં જ હોય, કે હીરો જ છે. એ તો આપણને લાગે છે.

**પ્રશ્નકર્તા :** સવારે બહાર ચાલવા જઈએ ત્યારે 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એમ બોલીએ

અને પછી આજુબાજુ ઝાડ-પાનને બધું જોઈએ ત્યારે બોલાઈ જવાય કે 'શુદ્ધાત્માને નમસ્કાર કરું છું', તો એ બેમાંથી કયું વધારે સારું ?

**દાદાશ્રી :** પેલું જે બોલો છો, કરો છો, એ બધું બરાબર છે. એ જ્યારે પછી ધીમે ધીમે બોલવાનું બંધ થઈ જશે, ત્યારે એથી વધારે સારું. બોલવાનું બંધ થાય અને એમ ને એમ જ થયા કરે.

**પ્રશ્નકર્તા :** તો આ બેમાંથી કયું સારું ?

**દાદાશ્રી :** બન્નેય બોલવાનું જરૂર નથી, પણ છતાં બોલે છે તો સારું છે. બાકી ધીમે ધીમે બોલવાનું નીકળી જાય તો સારું. બોલ્યા વગર એમ ને એમ નમસ્કાર ના કરાય. પણ અંદર બોલે છે તેય વાંધો નથી. મનમાં એવું થાય તોય વાંધો નહીં.

## રિયલ-રિલેટિવની ડીમાર્કેશન લાઈન

તીર્થંકરોએ એકલાએ જ છે તે રિલેટિવ ને રિયલ બેની લાઈન ઓફ ડીમાર્કેશન (ભેદરેખા) નાખેલી છે, બીજા કોઈએ પાડેલી નથી. કુન્દકુન્દાચાર્યે નાખેલી, તે પણ સીમંધર સ્વામીના અનુસંધાનથી. આપણું રિયલ છે એટલે, રિલેટિવ ને રિયલ બેઉ વચ્ચે ડીમાર્કેશન લાઈન નાખી છે ! ત્યાંથી જ પછી નિત્ય થયો એ. ડીમાર્કેશન લાઈન બહુ સરસ પડી ગઈ ! એની જ કિંમત છે ને!

લોકો રિલેટિવને રિયલ માને છે. કેટલીક બાબતમાં રિયલને રિલેટિવ માને છે. એ ભ્રામકતા નીકળી ગઈ ને ? તેથી આ જ્ઞાન લઈને બીજે દહાડે જીવતો થઈ જાય. એનું કારણ જ એ ને ! નહીં તો જીવતો થાય જ નહીં ને !

આપણું રિલેટિવ ને રિયલનું ડીમાર્કેશન બહુ એક્યુરેટ (ચોક્કસ) આવી ગયું ને! અને જગત આખું એમાં જ બધું ફસાયેલું છે. રિલેટિવ ને રિયલની જે લાઈન ઑફ ડીમાર્કેશન જોઈએ તે ખબર નથી, આ લોકોને. એટલે એક્યુરેટ ડીમાર્કેશન લાઈન પડતી જ નથી ને ફસાઈ ગયું છે. રિલેટિવ-રિયલના ઝગડા બંધ થતાં નથી. એટલે આત્મા પ્રાપ્ત થતો નથી.

**પ્રશ્નકર્તા :** રિલેટિવને રિલેટિવ તરીકે ત્યારે જ જાણે, જ્યારે રિયલને જાણે.

**દાદાશ્રી :** રિયલ જાણે ત્યારે રિલેટિવ જાણે. અથવા તો આખું રિલેટિવ જાણી લે તો રિયલ જાણે. જેમ ઘઉં-ઘઉં એકલા જાણી શકે એટલે પછી શું રહ્યું ? કાંકરા. કાંકરા એકલા જાણીએ તો શું રહ્યું ? ઘઉં. ઘઉં-કાંકરા બે ભેળાં છે, એવું માલમ પડી જાય ને ?

**પ્રશ્નકર્તા :** લોકોએ રિલેટિવને રિલેટિવ પણ નથી જાણ્યું એમ થયું ને, દાદા ?

**દાદાશ્રી :** કશું જાણ્યું જ નથી ને ! રિલેટિવ પૂરું જાણે તો બહુ સારું. રિલેટિવનો એક અંશ જાણ્યો નથી લોકોએ. કશું જાણ્યું જ નથી. આ તો ઊલટી ખોટો ખાધી છે. રિલેટિવનું જાણે એટલે તો રિયલ આ જાણ્યામાં જ રહે. નહીં તો લાઈન ઓફ ડીમાર્કેશન બરોબર પડે નહીં ને, આટલો આ ભાગ રિયલનો ને આ રિલેટિવનો !

**પ્રશ્નકર્તા :** પોતાનાથી જાતે થઈ શકે નહીં.

**દાદાશ્રી :** નહીં, પોતાને ભાન જ નથી ને ! શાસ્ત્રોમાં લખ્યું છે એ ખબર નથી. શાસ્ત્રમાં પૂરો શબ્દ આવે નહીં.

**પ્રશ્નકર્તા :** તો છેવટે જ્ઞાની પુરુષ મળે તો જ કામ થાય.

**દાદાશ્રી :** નહીં તો ના થાય. અત્યાર સુધી

કોઈને થયું જ નથી. કારણ કે ચાર વેદ ઈટ સેલ્ફ (પોતે જ) બોલે છે. ધીસ ઈઝ નોટ ધેટ, ધીસ ઈઝ નોટ ધેટ (આ તે નથી, આ તે નથી). પુસ્તકમાં ઉતરે એવો નથી આત્મા !

### આજ્ઞાથી શુદ્ધાત્માની જાગૃતિ

**પ્રશ્નકર્તા :** આ સ્વરૂપની શુદ્ધાત્માની જાગૃતિ સતત રહે, એના માટે શું કરવું ?

**દાદાશ્રી :** આ આજ્ઞા આપી છે એ જાગૃતિ આપનારી છે. એ આજ્ઞામાં રહે ને, તોય બહુ થઈ ગયું. પાંચ આજ્ઞા એ જ જ્ઞાન છે, બીજું કોઈ જ્ઞાન નથી.

**પ્રશ્નકર્તા :** આ 'કારણ મોક્ષ' થઈ ગયો કહેવાય ?

**દાદાશ્રી :** 'કારણ મોક્ષ' થઈ ગયો, પણ આપણું જ્ઞાન કેવું છે કે એ જ્ઞાન એને આજ્ઞાપૂર્વક રહે તો જ કામનું. જો આજ્ઞામાં ના રહ્યો તો જ્ઞાન ઊડી જશે. કારણ કે આજ્ઞા જ મુખ્ય છે. વાડ ના હોય તો ઊડી જાય બધું. એટલે પછી આ જ્ઞાન લીધા પછી તમે આજ્ઞામાં આવી જશો અને ત્યારે મોક્ષેય મળી ગયો હશે.

### નિશ્ચય-વ્યવહાર સમાય પાંચેયમાં

**પ્રશ્નકર્તા :** ગઈકાલે સત્સંગમાં આવ્યું કે પાંચ આજ્ઞામાંથી ત્રણ વ્યવહારની છે ને બે નિશ્ચયની છે, તે જરા સમજવું છે. એ કેવી રીતે ?

**દાદાશ્રી :** એટલે શુદ્ધાત્મા જોવા અને રિલેટિવમાં એનું ખોખું જોવું એ બે નિશ્ચય સ્વરૂપ છે. અને બાકીની ત્રણ વ્યવહારિક છે ફક્ત. એ ત્રણ વ્યવહાર ને આ બે નિશ્ચય. વ્યવહાર-નિશ્ચય સાથેનો આપણો આ માર્ગ બધો. નિશ્ચયથી શુદ્ધાત્મા છે અને વ્યવહાર દૃષ્ટિથી બકરી એકલી જ દેખાય. માટે એ બંને નિશ્ચયમાં જ જાય છે અને પેલા ત્રણ વ્યવહારના છે. એટલે વ્યવહાર-નિશ્ચય બંનેની સમતુલા રાખે. આ પાંચ આજ્ઞા ઠેઠ મોક્ષે લઈ જતાં સુધી કામ કર્યા કરે અને સરળ-સીધી, વાંકી નહીં, ચૂંકી નહીં. કશું છોડવા-કરવાનું કહેલું નથી.

આપણે આ પાંચ વાક્યો અવિરોધાભાસ હોવા જોઈએ ને 'હું શુદ્ધાત્મા છું' એ આપણને લક્ષમાં આવવું જોઈએ, આટલું જ. આ વાત નિર્વિવાદ છે.

### ગુપ્ત તત્ત્વ આરાધ્યે, મોક્ષ

એક ફેરો જ્ઞાની પુરુષના મારફત અપાયેલો શુદ્ધાત્મા હોવો જોઈએ. એટલે આ સાયન્ટિફિક છે, વૈજ્ઞાનિક ઢબ છે આ તો. નહીં તો બે કલાકમાં આવું બનેલું સાંભળવામાં આવ્યું છે કોઈ દહાડોય ? બે કલાકમાં તમે શુદ્ધાત્મા થઈ ગયા એવું સાંભળવામાં આવેલું ? પણ વૈજ્ઞાનિક ઢબ છે આ અને તીર્થંકરોનું જ્ઞાન છે આ ! આ મારું આગવું નથી. આ ઢબ જે છે ને તે મારી આગવી છે, અક્રમની ઢબ !

આ વિજ્ઞાન છે, આ તો ત્રણે કાળનું વિજ્ઞાન છે આ ! ભૂતકાળમાં હતું, વર્તમાનકાળમાં છે, ભવિષ્યકાળમાં બદલાશે નહીં, એવું વિજ્ઞાન છે આ તો ! તમને નથી લાગતું, આ વિજ્ઞાન છે દાદાનું ? તાળો મેળવી જોતા હોય તો ખબર પડે. અવિરોધાભાસ સૈદ્ધાંતિક રીતે નથી લાગતું એવું ?

શાસ્ત્રકારોએ કહ્યું છે કે એક સમય પણ જો આત્મા પામે, તો બહુ થઈ ગયું. એક સમય પણ 'આત્મા' થઈને બોલે તો કામ થઈ ગયું. તમને જ્ઞાન આપ્યા પછી તમે 'શુદ્ધાત્મા' ફરી બોલો છો, તે તમે આત્મા થઈને 'હું શુદ્ધાત્મા છું' બોલો છો અને એ એની મેળે આવે છે. માટે તમે આત્મા થઈ ગયા.

એક ક્ષણ પણ જો આત્મા થઈને આત્મા બોલ્યો એટલે મહાવીર ભગવાને કહ્યું કે છૂટ્યો. તમે એવું થઈને તો કેટલાંય વખતથી બોલ બોલ કરો છો. અને આ બીજા લોકો 'હું શુદ્ધાત્મા' એ થઈને નથી બોલતા. 'હું શુદ્ધાત્મા છું' એવું આત્મા થઈને એક જ ફેરો બોલ, એટલે બસ થઈ ગયું ! અને સમજી ગયો કે આ મારું ને આ બીજું બધું તકલાદી, મારું ન્હોય, તોય કામ થઈ ગયું !

**પ્રશ્નકર્તા :** 'એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.' એવું કહ્યું છે ને !

**દાદાશ્રી :** હા, શુદ્ધાત્માને જે આરાધે છે, શુદ્ધાત્મા થઈને શુદ્ધાત્મા બોલે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામે અને નિર્ભય થાય છે. કારણ કે અહીં આગળ નિરંતર જ્યાં સુધી શુદ્ધાત્માનું જ્ઞાન ના પ્રાપ્ત હોય, ને 'હું ચંદુભાઈ છું' ત્યાં સુધી મહીં વિષના ટપકાં પડ્યા કરે નિરંતર. એટલે બધી વાણી વિષવાળી, વર્તન વિષવાળું, મન-વિચારો વિષવાળા અને આપણે જ્ઞાન આપીએ ને, તે પછી અંદર એ તરત જ અમૃતના ટપકાં પડવાના શરૂ થઈ જાય. તે વિચાર, વાણી, વર્તન ધીમે ધીમે અમૃતમય થતું જાય.

### શુદ્ધાત્મા જોવાથી સાચો આનંદ થાય

આ જ્ઞાન મળેલું હોય, તેને તો એક મિનિટની નવરાશ હોય નહીં. મને એક મિનિટ નવરાશની નથી મળતી, એક સેકન્ડેય નવરાશ નહીં ને ! બસ માટે ઊભા રહ્યા હોય ને બસ ના આવે તો લોક આમ જો જો કર્યા કરે. આમ જુએ, આમ જુએ ને ડાફાં માર્યા કરે. એટલે તમે ત્યાં આગળ ઊભા રહ્યા હોય તો ડાફાં મારીને શું કામ છે ? આપણી પાસે બધું જ્ઞાન છે ને ! એટલે બધા ઊભા હોય, તેમનામાં શુદ્ધાત્મા 'જોઈએ.' જતા-આવતા હોય, તેમનામાં શુદ્ધાત્મા 'જોઈએ.' બસો જતી હોય, તેની મહીં બેઠેલા હોય તેમનામાં શુદ્ધાત્મા 'જોઈએ.' એમ કરતાં કરતાં આપણી બસ આવીને ઊભી રહે. એટલે બધાનામાં શુદ્ધાત્મા જોઈએ ને આપણે આપણું શુદ્ધાત્માનું ધ્યાન કર્યા કરીએ તો આપણો ટાઈમ નકામો જાય નહીં. અને જગતના લોકો તો ડાફાં માર્યા જ કરે. આમ જુએ, આમ જુએ અને પછી મહીં અકળાયા કરે. બસ ના આવે એટલે અકળામણ થાય. એટલે આપણે આપણો ઉપયોગ શા માટે બગાડીએ ? અને શુદ્ધાત્મા જો જો કરીએ તો કેટલો બધો આનંદ થાય ! એટલે હથિયાર પ્રાપ્ત થયું છે તો વાપરવું જોઈએ ને ! નહીં તો હથિયાર કાટ ખાઈ જાય !

### શ્રેણી મંડાઈ પરમાત્માની, 'શુદ્ધાત્મા લક્ષે'

બધા આત્મામાં શુદ્ધાત્મા દેખાતો થયો, ત્યારથી પોતે પરમાત્મા થયો. નહીં તો આ મારો સાળો થાય, આ મારો મામો થાય, આ મારો નોકર છે, આ મારો સેક્રેટરી છે, આ મારો શેઠ છે, એ બધું ભ્રાંતિ. બધામાં શુદ્ધાત્મા છે, એવી જેને સમજણ પડી ગઈ, એને પરમાત્મપદ પ્રાપ્ત થયું. પણ તે હજુ શ્રેણી માંડી, પરમાત્માની. સાચા પગથિયાં હવે ચઢવાના આવે છે. મોક્ષના દરવાજાની મહીં પેઠો ને, હવે શ્રેણી માંડી કહેવાય. બધા ધર્મોને અહીં આગળ ભેગા થવાનું. આ મોક્ષના દરવાજામાં પેસતી વખતે બધાએ ભેગું થવું પડે, શ્રેણી માંડતી વખતે. તે આ શ્રેણી માંડી કહેવાય. જ્યાં શુદ્ધાત્માનું લક્ષ બેઠું, ત્યાંથી શ્રેણી માંડી. તે પછી આગળ આગળ અનુભવ થયા જ કરે, સ્ટેપ બાય સ્ટેપ ! એટલે 'સર્વાત્મા એ શુદ્ધાત્મા છે' એવું સમજણ પડી, ત્યારથી જ પરમાત્માની આપણને શ્રેણી મંડાઈ ગઈ.

**- જય સચ્ચિદાનંદ**

## લોકડાઉન દરમિયાન પૂજ્યશ્રી દ્વારા લાઈવ સત્સંગ

કોરોના વાયરસ મહામારીને કારણે સરકારે લોકડાઉન જાહેર કર્યું ત્યારથી પૂજ્યશ્રી દીપકભાઈ દરરોજ રાત્રે ૯ થી ૧૦ દરમિયાન સીમંધર સીટીમાં એમના નિવાસસ્થાન 'વાત્સલ્ય'થી લાઈવ વેબકાસ્ટ અને વિડીયો કોન્ફરેન્સિંગ દ્વારા સત્સંગ કરે છે. જેમાં દેશ-વિદેશના હજારો મહાત્માઓ નિયમિત સત્સંગ સાંભળવા જોડાય છે. શરૂઆતના દિવસોમાં આપ્તવાણી-૧ પર પારાયણ તથા તે સંબંધી પ્રશ્નોત્તરી સત્સંગ પણ થયો હતો. ત્યારબાદ અલગ-અલગ ગ્રુપ માટે સત્સંગ ગોઠવાયા કરે છે. જેમાં વિદેશોના ઝોન વાઈઝ જેમ કે અમેરિકા-કેનેડા, બ્રાઝિલ-સાઉથ અમેરિકા, યુરોપ-જર્મની, યુકે, ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ, આફ્રિકા-દુબઈ વિગેરે. તે ઉપરાંત અપરિણીત ભાઈઓ-બહેનોના MBA ગ્રુપ, બાળકો-યુવાનોના GNC ગ્રુપ, DMHT, હિન્દીભાષી, ગુજરાતી ભાષી, સીમંધર સીટી-ATPL વિગેરે ગ્રુપ માટે પણ સત્સંગ યોજાયા કરે છે. આ દરમ્યાન પ્રતિક્રમણ, સીમંધર સ્વામી પર પણ વિશેષ પ્રશ્નોત્તરી સેશન થયા હતા. ડિજિટલ સમર કેમ્પના ભાગરૂપે GNCના યુથ અને કીડ્સ તેમજ તેમના પેરન્ટ્સ માટે પણ પૂજ્યશ્રી સાથે વિશેષ પ્રશ્નોત્તરી સેશન આયોજિત થયા હતા.

તે સિવાય મે-૨૦૦૫ની દાદાવાણી 'વ્યવસ્થિતના જ્ઞાને વર્તે નિર્ભયતા અપાર' તેમજ ફેબ્રુઆરી ૧૯૯૭ની દાદાવાણી 'જાગૃતિપૂર્વકનો શુદ્ધ ઉપયોગ'નું વાંચન અને તેની પર સત્સંગ થયા હતા. આ સત્સંગને કારણે વિડિયો એપ દ્વારા પ્રશ્નો પૂછતા સર્વે મહાત્માઓને જાણે પૂજ્યશ્રી એમના ઘરે આવી વાત કરતા હોય તેવો અનેરો અનુભવ થયો હતો. દરરોજ મળતા એક કલાકના સત્સંગને કારણે મહાત્માઓને જાણે નવી શક્તિનો સંચાર થતો હોય એવો અનુભવ થાય છે અને આ વિષમ પરિસ્થિતિનો નિર્ભયતાથી સામનો કરવાની સમજ પ્રાપ્ત થયા કરે છે. પૂજ્યશ્રીએ કોરોના વાયરસ મહામારી સામે લોકોને સમતા, નિર્ભયતા રહે, જ્ઞાનમાં રહી ફાઈલોનો નિકાલ કરે, જગતનું કલ્યાણ થાય તે માટે સુંદર પ્રાર્થના કરાવી હતી. પૂજ્યશ્રીએ મેડિકલ ફિલ્ડના ડોક્ટરો, સપોર્ટિંગ સ્ટાફ સાથે પણ સત્સંગ કરી એમના પ્રશ્નોના સમાધાન આપ્યા હતા.

## દાદા ભગવાન પરિવાર દ્વારા કોરોના વાયરસ મહામારી વખતે રાહત અને સેવા કાર્ય

કોરોના વાયરસ મહામારીને કારણે લોકડાઉનની પરિસ્થિતિમાં લોકોના વ્યવસાય બંધ થઈ જવાથી ઘણા લોકો આર્થિક ભીંસમાં આવી ગયા હતા. આવા સમયે 'દાદા ભગવાન પરિવાર' દ્વારા અડાલજ અને આસપાસના ગામોમાં જરૂરિયાતમંદ લોકોને એક મહિનો ચાલે એવી રાશન કીટ પહોંચાડવામાં આવી હતી. સાથેસાથે જ્યાં પણ દાદા ભગવાનના સેન્ટરો ચાલે છે તે ગામો/શહેરોમાં જરૂરિયાતવાળા મહાત્માઓને વ્યક્તિદીઠ રાશન કીટ પહોંચાડવામાં આવી હતી. ગુજરાતના ૨૪ જિલ્લાઓ તેમજ અન્ય રાજ્યોના સેન્ટરોમાં પણ મદદ પહોંચાડવામાં આવી હતી. અડાલજ ત્રિમંદિર સંકુલ, વડોદરા મંદિર દ્વારા હજારોની સંખ્યામાં ફૂડ પેકેટ બનાવી આસપાસના વિસ્તારોમાં લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. સંસ્થા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ તેમજ PM Cares ફંડમાં પણ દાન આપવામાં આવ્યું છે. રાજકોટ ત્રિમંદિર સંકુલને ક્વોરોન્ટાઈન સેન્ટર તરીકે ઉપયોગ કરવા સરકારશ્રીને આપવામાં આવ્યું છે.

સેવા કાર્યના ભાગરૂપે સીમંધર સીટી અને ATPLમાં રહેતા સિનિયર સિટીઝન મહાત્માઓને દવાઓ, એમની જરૂરિયાતની ચીજવસ્તુઓ, ટિફિન વિગેરે યુવાનો ભાઈઓની ટીમ દ્વારા ઘરે-ઘરે પહોંચાડવામાં આવે છે. અંબા હેલ્થ સેન્ટર દ્વારા ટેલિમેડિસિનની મદદથી મહાત્માઓને જરૂરી દવાઓ પણ ઘેર બેઠાં પહોંચાડવામાં આવે છે.

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦; બપોરે ૨ થી ૨-૩૦; રાત્રે ૧૦ થી ૧૦-૩૦
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ સવારે 3-30 થી ૪-૩૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि सुबह 8-30 से 9, रवि सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर हर रोज रात 10 से 11 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ सुबह 7 से 8 (हिन्दी में)
- **'उड़ीसा प्लस' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में)
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-चंदना** पर हर रोज़ सुबह 10-30 से 11 (कन्नड़ में)

**USA -Canada**
- **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8-30 से 9 EST (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'MA TV'** पर हर रोज़ रात 9-30 से 10-30 GMT (हिन्दी में)
- **'Rishtey'** पर हर रोज़ सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30am GMT)

**Australia**
- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

**Fiji-NZ-Sing.-SA-UAE**
- **'Rishtey'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

## સત્સંગ મેળવવાના ડિજિટલ માધ્યમો

**AKonnect App :** Android અને iPhone મોબાઈલમાં AKonnect App દ્વારા આપને સત્સંગ અપડેટ્સ, પૂજ્યશ્રીના અપડેટ્સ, લોકલ સેન્ટરના અપડેટ્સ તથા MMHT, WMHT, PMHT, GNC, MBA વિગેરે ગ્રુપ્સના અપડેટ્સ અને માહિતી નિયમિતરૂપે આપવામાં આવે છે. તે ઉપરાંત ટુડેઝ એનરઝાઈઝર, આપ્તસૂત્ર, વેબસાઈટ વોલપેપર વગેરેના અપડેટ્સ પણ આપવામાં આવે છે. - Akonnect app - https://akonnect.org/app

**Dadabhagwan App :** Android અને iPhone મોબાઈલમાં Dadabhagwan App દ્વારા સત્સંગ શેડ્યુલ, પુસ્તકો, ઓડીયો - વિડિયો સત્સંગ, મેગેઝિન, ફોટો ગેલેરી, સત્સંગ સેન્ટરોની માહિતી તેમજ સાધના મોડ્યુલ દ્વારા વિવિધ સત્સંગ સંબંધી માહિતી તેમજ સામગ્રી ઉપલબ્ધ હોય છે.
Dadabhagwan app - https://www.dadabhagwan.org/app

**dadabhagwan.tv :** આ વેબસાઈટ દ્વારા દિવસમાં ૨૪ કલાક નોન-સ્ટોપ સત્સંગ પ્રસારિત થયા કરે છે. આપ ગમે તે સમયે તેમા જોડાઈને સત્સંગ સાંભળી શકો છો. - https://www.dadabhagwan.tv

**YouTube ચેનલ :** દાદા ભગવાન ફાઉન્ડેશનની YouTube ચેનલ પર મુમુક્ષુઓ અને મહાત્માઓને ઉપયોગી થાય એવા ઘણાં બધાં વિડિયો મૂકવામાં આવ્યા છે અને નવા નવા વિડિયો નિયમિત અપલોડ કરવામાં આવે છે. આપ અપડેટ્સ મેળવવા આ ચેનલ સબસ્ક્રાઈબ કરી શકો છો. - https://www.youtube.com/user/dadabhagwan

ઉપરોક્ત બન્ને મોબાઈલ એપ, ટીવીની વેબસાઈટ તેમજ યુ ટ્યુબ ચેનલ પર પૂજ્યશ્રીના જે સત્સંગ લાઈવ વેબકાસ્ટ થવાના હોય તે સત્સંગ તે જ સમયે લાઈવ જોઈ શકાય છે.

**dadabhagwan.fm :** આ વેબસાઈટ દ્વારા આપ દિવસભર નોનસ્ટોપ ઓડિયો સત્સંગ સાંભળી શકો છો. આપ વેબસાઈટની મુલાકાત લઈ, તેમાં વિવિધ મોડ્યુલ વિશે જાણકારી મેળવી વિવિધ સત્સંગ, ભક્તિપદ, જ્ઞાનવાણી સામાયિક સંબંધી સત્સંગ, આરતી વિગેરે સાંભળી શકો છો. - https://www.dadabhagwan.fm

## PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર - લાઈવ વેબકાસ્ટ દ્વારા

| | | |
|---|---|---|
| **૬ મે** (બુધ) | સવારે ૮ થી ૯ | **પારાયણ - મા-બાપ છોકરાનો વ્યવહાર** |
| | રાત્રે ૯ થી ૧૦ | **પૂજ્યશ્રી સત્સંગ - બાળક પ્રત્યેના ફરજની બાઉન્ડ્રી** |
| **૭ મે** (ગુરુ) | સવારે ૮ થી ૯ | **પૂજ્યશ્રી સત્સંગ - બાળક પ્રત્યેના ફરજની બાઉન્ડ્રી** |
| | રાત્રે ૯ થી ૧૦ | **પારાયણ - પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર** |
| **૮ મે** (શુક્ર) | સવારે ૮ થી ૯ | **પૂજ્યશ્રી સત્સંગ - મતભેદ મિટાવો ઘરમાં** |
| | રાત્રે ૯ થી ૧૦ | **પૂજ્યશ્રી સત્સંગ - મતભેદ મિટાવો ઘરમાં** |
| **૯ મે** (શનિ) | સવારે ૮ થી ૯ | **પારાયણ - પૈસાનો વ્યવહાર** |
| | રાત્રે ૯ થી ૧૦ | **પૂજ્યશ્રીના જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ** |
| **૧૦ મે** (રવિ) | સવારે ૮ થી ૯ | **પૂજ્યશ્રી સત્સંગ - લક્ષ્મીના અંતરાયના કારણો-પરિણામો** |
| | રાત્રે ૯ થી ૧૦ | **પૂજ્યશ્રી સત્સંગ - લક્ષ્મીના અંતરાયના કારણો-પરિણામો** |

**નોંધ : 'મા-બાપ છોકરાનો વ્યવહાર' - પેજ નં ૨૭થી વાંચન, ચેપ્ટર - ૨, 'ફરજિયાતમાં ગાવાનું શું ?'**

**'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર' - પેજ નં ૩૯થી વાંચન, ચેપ્ટર - ૩, 'પતિ-પત્નીમાં મતભેદ' અને 'જ્ઞાની પુરુષ ભાગ-૨'**

**'પૈસાનો વ્યવહાર' - પેજ નં ૨૬થી વાંચન, 'લીધી રિટર્ન ટિકિટ, તિર્યંચની'**

**[ઉપરોક્ત કાર્યક્રમમાં સમય-સંજોગને આધીન ફેરફાર થઈ શકે છે.]**

**ઉપરોક્ત શિબિરના સત્સંગ આપ મોબાઈલમાં** AKonnect, Dadabhagwan **એપ દ્વારા તેમજ વેબસાઈટ** dadabhagwan.tv **અને દાદા ભગવાન ફાઉન્ડેશનની** YouTube **ચેનલ દ્વારા ઘેર બેઠા સાંભળી શકશો.**

---

## વિશેષ નિવેદન

**કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન પરિસ્થિતિમાં સરકારી નિર્દેશોનું પાલન કરી પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગો મુલતવી કરી દેવામાં આવ્યા છે. જે ભવિષ્યમાં પરિસ્થિતિ સામાન્ય થયા બાદ જ્યારે પણ સરકાર દ્વારા ધાર્મિક કાર્યક્રમો કરવા માટે મંજૂરી અપાશે, તે પછી યોજવામાં આવશે.**

---

### દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**08-2028** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭, (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:**(૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;

**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

## કોરોના વાયરસ મહામારીને કારણે કરાયેલા લોકડાઉન દરમ્યાન 'દાદા ભગવાન પરિવાર'ના જુદા જુદા સેન્ટરો તરફથી રાહત કાર્ય





















મે ૨૦૨૦
વર્ષ-૨૫, અંક-૭
સળંગ અંક-૨૦૭

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## શુદ્ધતા વર્તવા કાજે 'શુદ્ધાત્મા' કહ્યો

શુદ્ધાત્મા એટલે શુદ્ધ ચેતન જ. શુદ્ધ એટલા માટે કહેવાનું કે પહેલાં મનમાં એમ લાગતું હતું કે 'હું પાપી છું, હું આવો નાલાયક છું, હું આમ છું, હું તેમ છું.' એવા બધા પોતાની જાત ઉપરના જે આરોપ હતા, તે આરોપ બધા નીકળી ગયા. શુદ્ધાત્માને બદલે 'આત્મા' એકલો કહે તો પોતાની શુદ્ધતાનું ભાન ભૂલી જાય, નિર્લેપતાનું ભાન જતું રહે. એટલે 'શુદ્ધાત્મા' કહ્યું. હવે ચંદુભાઈથી ખરાબમાં ખરાબ કામ થઈ ગયું, લોકો નિંદા કરે એવું કામ થઈ ગયું, તે વખતે તારે 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ ના ચૂકવું જોઈએ. 'હું અશુદ્ધ છું' એવું ક્યારેય પણ માનીશ નહીં, એવું કહેવા માટે 'શુદ્ધાત્મા' કહેવો પડે છે. અમે જે શુદ્ધાત્મપદ આપ્યું છે, તે શુદ્ધાત્મપદ પછી બદલાતું જ નથી. માટે શુદ્ધ મૂક્યું છે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.